RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 125* Date: 03.03.2022 Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### જેલેન્સ્કીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ફોન પર રક્ષા સહયોગ અંગે વાતચીત કરી

## યુદ્ધના ૬ દિવસમાં ૬૦૦૦ રશિયન સૈનિકોના મોત : યુક્રેનના રાષ્ટ્રપતિ



કીવ,તા.૨

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો આજે સાતમો દિવસ છે. રશિયાની સેના યુક્રેનની રાજધાની કિવ પર સતત બોમ્બમારો કરી રહી છે. મિસાઈલો છોડી રહી છે. કિવમાં સામાન્ય નાગરિકોને બંકરો કે ઘરના ભોયરામાં જતા રહેવા જણાવવામાં આવ્યું છે. યુક્રેને ચેચન્યા ફોર્સ તરફથી રાષ્ટ્રપતિ જેલેન્સ્કીને નિશાન બનાવવાની કોશિશ નિષ્ફળ કરી હોવાનો દાવો કર્યો છે. જેલેન્સ્કીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ફોન પર રક્ષા સહયોગ અંગે વાતચીત કરી છે. આ બધા વચ્ચે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં યુક્રેન સંકટ પર ૭ અને ૮ માર્ચના રોજ સુનાવણી થશે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કીએ મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે યુદ્ધના ૬ દિવસમાં રશિયાના ૬૦૦૦ જેટલા સૈનિકો માર્યા ગયા છે. યુક્રેનના અનેક શહેરોમાં રશિયાએ એક સાથે હુમલા તેજ કર્યા છે. ખારકિવ અને કિવને ખાસ કરીને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ખારકિવમાં મચેલી તબાહીના વીડિયો પણ સામે આવી રહ્યા છે. યુક્રેનની સેનાનું કહેવું છે કે રશિયાના પેરાટ્રૂપર્સ ખારકિવમાં ઉતરી ગયા છે. તાજા હુમલામાં યુક્રેનના નાગરિકોના માર્યા જવાના રિપોર્ટ્સ પણ છે. યુક્રેની સેનાના જણાવ્યાં મુજબ રશિયન સૈનિકોએ ફાયરિંગ તેજ કર્યું છે. ખારકિવ સ્થિત પોલીસ હેડક્વાર્ટર પર રશિયાએ હુમલો કર્યો છે. મિલિટ્રી એકેડેમી ઉપર મિસાઈલ એટેક કરવામાં આવ્યો. ખારકિવમાં તબાહીના વીડિયો પણ સામે આવ્યા છે. ખારકિવની એરફોર્સ યુનિવર્સિટીને પણ નિશાન બનાવવામાં આવી છે. આ હુમલા દરમિયાન એક ઓયલસ ટેક્રરમાં વિસ્ફોટ થયો છે. ખારસોન એરપોર્ટ પાસે જોરદાર વિસ્ફોટ થયો છે.

યુક્રેનના શહેર ખારકિવમાં રશિયાના હુમલા સતત ચાલુ છે. શહેરના ગવર્નરનો દાવો છે કે આ હવાઈ હુમલામાં ૨૧ લોકોના મોત થયા છે. જ્યારે ૧૧૨ ઘાયલ છે. આ ઉપરાંત ખારકિવમાં જ સ્થિત મિલિટ્રી એકેડેમી પર પણ રોકેટથી હુમલો થયો હતો. ત્યાં છેલ્લા ૯ કલાકથી આગ બૂઝાઈ નથી. યુક્રેનના ગૃહ મંત્રાલયના સલાહકાર તરફથી એક વીડિયો જારી કરાયો છે. તેમના જણાવ્યાં મુજબ આ વીડિયોમાં જોવા મળ્યું છે કે કઈ રીતે ત્યાં પોલીસ વિભાગના બિલ્ડિંગ પર રશિયાએ હુમલો કર્યો.

યુક્રેનના વિદેશ મંત્રાલય તરફથી એક ટ્વીટ કરાયું છે જેમાં લખ્યું છે કે રશિયાની સેનાએ ઢરર્અદ્ધઅસ્થિત પ્રસૂતિ ગૃહ તબાહ કરી નાખ્યું છે. શું આ નરસંહાર નથી તો શું હશે? બીજી બાજુ યુક્રેની મીડિયાનો દાવો છે કે ખારકિવમાં હજુ પણ સતત ધડાકા થઈ રહ્યા છે. કેટલાક રોકેટ ખારકિવ સ્થિત મિલિટ્રી એકેડેમી પર પડ્યા હતા. ત્યાં છેલ્લા ૯ કલાકથી આગ લાગી છે. શરણાર્થીઓ માટે જે સંયુક્ત રાષ્ટ્ર ઉચ્ચાયુક્ત છે તેમના જણાવ્યાં મુજબ અત્યાર સુધીમાં યુક્રેનથી ૬ લાખ ૭૭ હજાર લોકો પડોશી દેશોમાં જઈને રહેવા લાગ્યા છે. યુએનને આશંકા છે કે રેફ્યૂજીની સંખ્યામાં વધારો થઈ શકે છે. ખારકિવમાં આજે સવારે હવાઈ હુમલાના અવાજો સંભળાયા છે. પરંતુ આ બધા વચ્ચે ત્યાં રશિયન પેરાટ્રૂપર્સ ઉતર્યા છે જેમણે હોસ્પિટલને નિશાન બનાવી છે. ફાયરિંગ ચાલુ છે. અમેરિકી મીડિયાના હવાલે ખબર આવી છે કે રશિયન વિમાનો માટે અમેરિકા પોતાનો એર સ્પેસ બંધ કરશે. આ પગલું ગમે ત્યારે અમલમાં આવી શકે છે.રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને દેશમાં વિદેશી મુદ્રા કાઢવા પર હાલ પ્રતિબંધ લગાવ્યો છે. આદેશ મુજબ ૧૦ હજાર ડોલરથી વધુના ઉપાડ પર તત્કાળ પ્રભાવથી રોક લગાવવામાં આવી છે.

અત્રે જણાવવાનું કે મંગળવારે યુક્રેનમાં ફસાયેલા કર્ણાટકના એક વિદ્યાર્થીનું રશિયાના હુમલામાં મોત થયું છે. તેનો એક સાથે ઘાયલ પણ થયો છે. જ્યારે બીજો સુરક્ષિત છે. તમામ ભોજન લેવા માટે બહાર નીકળ્યા હતા. ત્યારે જ અચાનક હુમલો થયો. જેમાં કર્ણાટકના વિદ્યાર્થીનું મોત થયું.યુક્રેન પર રશિયાના હુમલા પછી ત્યાં રહેતા વિદેશીઓ માટે સલામત રીતે બહાર નીકળવું એક મોટો પડકાર બની ગયો છે. ભારતીય નાગરિકો સહિત ઘણા દેશોના નાગરિકો ત્યાં ફસાયેલા છે. આ સાથે જ મોટી સંખ્યામાં પાકિસ્તાન અને અન્ય દેશોના નાગરિકો પણ ત્યાં ફસાયેલા છે અને કોઈક રીતે સુરક્ષિત બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારત સરકાર પોતાના લોકોને બહાર કાઢવા માટે 'ઓપરેશન ગંગા' ચલાવી રહી છે. યુક્રેનમાં તિરંગાની મદદથી ભારતીય નાગરિકો સરળતાથી અન્ય દેશોમાં જઈ રહ્યા છે. ખાસ વાત એ છે કે ભારત વિરુદ્ધ ઝેર ઓકનારા પાકિસ્તાનના લોકો પણ ત્યાંથી બહાર નીકળવા માટે પોતાના ધ્વજને બદલે ત્રિરંગાનો સહારો લઈ રહ્યા છે અને ભારતીય હોવાનું જણાવીને ત્યાંથી નીકળી રહ્યા છે. યુક્રેન સતત રશિયાના હુમલાનો જવાબ આપી રહ્યું છે. યુક્રેને નક્કી કર્યું છે કે તે રશિયા સામે ઝુકશે નહીં. મંગળવારે યુરોપિયન સંસદમાં પોતાના સંબોધનમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પણ પોતાનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું કે, યુક્રેનના લોકો અને યુક્રેનની સેના શાનદાર છે. તે સમાપ્ત થાય ત્યાં સુધી અમે લડીશું. આ દરમિયાન યુક્રેનના એક પગલાએ બધાને ચોંકાવી દીધા છે. યુક્રેને પોતાની સૈન્ય તાકાત વધારવા માટે ખુલ્લી ભરતીની જાહેરાત કરી છે. આ સાથે યુક્રેનની સરકાર લડાઈમાં સામેલ લોકોને મોટી રકમ પણ આપશે. આવો હવે અમે તમને જણાવીએ કે યુક્રેને નાગરિકોને યુદ્ધમાં સામેલ થવા માટે શું ઓફર કરી છે. યુક્રેનની સરકારે કહ્યું છે કે યુદ્ધમાં હથિયાર લઈને યુક્રેન માટે લડનારાઓને ૧.૫ મિલિયન ડોલર આપવામાં આવશે. આ સાથે જ આ નિવેદનમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે દુશ્મન સેનાના સૈનિકની હત્યા માટે ૩૦૦ ડોલરની વધારાની રકમ પણ આપવામાં આવશે.

## યુએસ સ્ટાન્ડર્ડ ક્રૂડ ઓઈલની કિંમત ફરી એકવાર પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર કરી ગઈ

વોશિંગ્ટન,તા.૨

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (આઇઇએ)ના તમામ ૩૧ સભ્ય દેશો તેમના વ્યૂહાત્મક ભંડારમાંથી ૬૦ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ છોડવા માટે સંમત થયા છે. યુક્રેન પર રશિયાના હુમલાને કારણે તેલના પુરવઠામાં કોઈ અછત નહીં રહે તેવો સંકેત ઓઈલ માર્કેટને આપવા માટે તેમણે પગલું ભર્યું છે. મંગળવારે આ નિર્ણય વિશે માહિતી આપતા,આઇઇએએ કહ્યું કે આઇઇએ બોર્ડ ઓફ ડિરેક્ટર્સે યુએસના ઉર્જા પ્રધાન જેનિફર ગ્રાનહોમની અધ્યક્ષતામાં ઊર્જા પ્રધાનોની અસાધારણ બેઠકમાં આ નિર્ણય લીધો હતો. અમેરિકા ઉપરાંત જર્મની, ફ્રાન્સ, બ્રિટન, જાપાન અને કેનેડા પણ આમાં સામેલ છે. આઇએઇ સભ્યો પાસે ૧.૫ બિલિયન બેરલ તેલનો કટોકટી ભંડાર છે. રિલીઝ થવાનું વોલ્યુમ આ સ્ટોકના ચાર ટકા છે એટલે કે ૩૦ દિવસ માટે લગભગ ૨૦ લાખ બેરલ પ્રતિ દિવસ છે.

આઇએઇ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ફાતિહ બિરોલે જણાવ્યું હતું કે, "ઊર્જા બજારોમાં પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે.વૈશ્વિક ઊર્જા સુરક્ષા જોખમમાં છે, આ સ્થિતિ એવા સમયે વિશ્વ અર્થતંત્રને જોખમમાં મૂકી રહી છે જ્યારે તે પુનઃપ્રાપ્તિના નિર્ણાયક તબક્કામાં છે. બુધવારે જ ઓપેક પ્લસ દેશોની બેઠક યોજાવા જઈ રહી છે. જો કે, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ઓપેક તેલ ઉત્પાદન વધારવાની પોતાની જૂની યોજનાને વળગી રહેશે અને કોઈ નવો નિર્ણય લેશે નહીં. આઇએઇ દેશોએ દર મહિને ૪ લાખ બેરલ ઉત્પાદન વધારવાની યોજના જાહેર કરી છે. દેશો દ્વારા તેમના ભંડાર છોડવાનો આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે મંગળવારે યુએસ સ્ટાન્ડર્ડ ક્રૂડ ઓઈલની કિંમત ફરી એકવાર પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર કરી ગઈ છે. ૨૦૧૪ પછી તેલના ભાવનું આ સર્વોચ્ચ સ્તર છે. રોયટર્સે બજારના નિષ્ણાતોને ટાંકીને જણાવ્યું હતું કે અત્યારે જે પણ પરિસ્થિતિ પ્રવર્તે છે, તે ભયજનક છે કે ઓઈલના ભાવ ટૂંકા ગાળામાં બેરલ દીઠ ઈ ૧૦૦ થી ઉપર રહેશે.

## ૨૨૦ વિદ્યાર્થીઓ સાથે વિમાન દિલ્હી પહોંચ્યું, ૨૪ કલાકમાં ૧૩૭૭ ભારતીયોની યુક્રેનથી વાપસી

,નવીદિલ્હી,તા.૨



યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને પાછા લાવવાના મિશન ઓપરેશન ગંગા હેઠળ આજે વધુ એક ફ્લાઈટ રોમાનિયાથી દિલ્હી પહોંચી. જેમાં ૨૨૦ વિદ્યાર્થીઓ સવાર હતા. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ દિલ્હી એરપોર્ટ પર યુક્રેનથી પાછા ફરી રહેલા ભારતીયોનું સ્વાગત કરવા માટે પહોંચ્યા. તેમણે તમામ વિદ્યાર્થીઓને ગુલાબનું ફૂલ આપીને એ વિશ્વાસ અપાવ્યો કે આવનારા દિવસોમાં યુક્રેનમાં ફસાયેલા તેમના સાથીઓને સુરક્ષિત રીતે પાછા લાવવામાં આવશે. યુદ્ધગ્રસ્ત યુક્રેનથી પાછા ફરેલા એક વિદ્યાર્થીએ કહ્યું કે ભારત આવીને અમને ખુબ ખુશી મળી રહી છે. હજુ પણ અમારા અનેક સાથીઓ ત્યાં ફસાયેલા છે. અમે ઈચ્છીએ છીએ કે તેમને જલદી ત્યાંથી કાઢવામાં આવે.

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે લગભગ ૨૨૦ સ્ટુડન્ટ્સ પાછા આવ્યા છે. અમે સૌથી પહેલા બાળકોની તેમની માતા પિતા સાથે વાત કરાવી. તેમણે જણાવ્યું કે અમે એક વિદ્યાર્થીનીને પૂછ્યું કે તમે ક્યાંથી છો તો તેમણે કહ્યું કે હું ઈન્ડિયાથી છું. સિંહના જણાવ્યાં મુજબ આ તમામ બાળકોને એ સ્વીકારવામાં થોડો સમય લાગશેકે તેઓ ભારત પાછા ફરી ચૂક્યા છે. અત્રે જણાવવાનું કે અત્યાર સુધીમાં લગભગ ૨ હજાર વિદ્યાર્થીઓને ત્યાંથી કાઢવામાં આવ્યા છે.

અત્રે જણાવવાનું કે યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને પાછા લાવવા માટે ઈન્ડિયન એરફોર્સનું ઝ-૧૭ પરિવહન વિમાન આજે સવારે ચાર વાગે રોમાનિયા માટે રવાના થઈ ગયું. આ વિમાનમાં ત્યાં ફસાયેલા લોકો માટે રાહત સામગ્રી પણ મોકલવામાં આવી છે. ભારતીય વિદેશમંત્રી એસ જયશંકરે બુધવારે કહ્યું કે યુક્રેનમાં ફસાયેલા ૧૩૭૭ ભારતીય નાગરિકોને લઈને છ ફ્લાઈટ્સ છેલ્લા ૨૪ કલાકમાં ઓપરેશન ગંગા હેઠળ ભારત માટે રવાના થઈ છે.

## છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૭ હજાર ૫૫૪ નવા કેસ,૨૨૩ લોકોના મોત

નવીદિલ્હી,તા.૨

દેશમાં આજે કોરોના વાયરસ રોગચાળાના કેસમાં વધારો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૭ હજાર ૫૫૪ નવા કેસ નોંધાયા છે અને ૨૨૩ લોકોના મોત થયા છે. ગઈકાલે ૬૯૧૫ કેસ અને ૧૮૦ મૃત્યુ નોંધાયા હતા. એટલે કે ગઈકાલની સરખામણીએ આજે ??કેસમાં વધારો થયો છે. જાણો દેશમાં કોરોનાની તાજેતરની સ્થિતિ શું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં સક્રિય કેસની સંખ્યા ઘટીને ૮૫ હજાર ૬૮૦ થઈ ગઈ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૧૪ હજાર ૨૪૬ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૩ લાખ ૩૮ હજાર ૬૭૩ લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યા છે.

રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના લગભગ ૧૭૭ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૮ લાખ ૫૫ હજાર ૮૬૨ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૭૭ કરોડ ૭૯ લાખ ૯૨ હજાર ૯૭૭ ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨ કરોડ (૨,૦૧,૩૮,૯૯૪) થી વધુ નિવારક રસીઓ આરોગ્ય કર્મચારીઓ, કોરોના યોદ્ધાઓ અને અન્ય રોગોથી પીડિત ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવી છે. દેશમાં કોવિડ વિરોધી રસીકરણ અભિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ થી શરૂ થયું હતું અને પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. તે જ સમયે, કોરોના યોદ્ધાઓ માટે રસીકરણ અભિયાન ૨ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું.

## ભારતના વડાપ્રધાન નબળા છેઃ ટ્વિટર પર ટ્રેન્ડ સર્જાયો

નવીદિલ્હી,તા.૨

ટ્વિટર જનતાની લાગણીની અભિવ્યકિતનું અત્યંત મજબૂત માધ્યમ છે. તેના પર આજે હેસટેગ ઈન્ડિયા હેઝ વીક પી.એમ. ટ્રેન્ડ સર્જાયો હતો. હજુ આશરે ૧૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયેલા છે અને એક ભારતીય વિદ્યાર્થીનું બોમ્બમારામાં મૃત્યુ થયુ હોવાથી જનતામાં ભયંકર નારાજગી પ્રવર્તી રહી છે. એક ટ્વિટર યૂઝરે આક્રોશ ઠાલવ્યો કે મોદીને વિદ્યાર્થીઓના જીવન કરતાં ચૂંટણી પ્રચારની વધારે પડી છે.

હર્ષદ એસ.કે. નામના ટ્વિટર યૂઝરે લખ્યું વિશ્વની સૌથી મોટી લોકશાહીની ૧૩૫ કરોડની જનતા એક નબળા નેતાના હાથમાં છે અને અસહાય છે. આવતીકાલનું ભવિષ્ય એવા આજના યુવાનો નબળી કૂટનીતિના કારણે વિદેશીઓની દયાને આધિન બની ગયા છે. એક યૂઝરે લખ્યું કે મનમોહનસિંહની સરકારે કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા વિના લિબિયામાંથી ૧૬૦૦૦ ભારતીયોને ઉગારીને વતન પરત લાવ્યા હતા. જ્યારે ભાજપની સરકાર ખોટે-ખોટી ઈવેન્ટો સર્જી નકલી પ્રમોશન કરી રહી છે.શિક્ષણનો મુખ્ય આધાર નૈતિકતા છે જે મોદીમાં નથી. રણનીતિના મહત્ત્વને સમજવામાં મોદી સરકાર થાપ ખાઈ ગઈ છે. આ દેશ મનમોહનસિંહને હંમેશા યાદ રાખશે. અત્યારે વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયેલા છે અને વડા પ્રધાન ઉત્તર પ્રદેશ, મણીપુરના ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે.

### રશિયા-યુક્રેન યુદ્ધ

## ક્રૂડ ભડકે બળતા રૂપિયામાં ફરી કડાકો

નવીદિલ્હી,તા.૨

યુક્રેન સામે રશિયાએ મોરચો માંડ્યા બાદ પુતિનના દેશ સામે સમગ્ર વિશ્વ એકજૂથ થઈને આકરા પ્રતિબંધો લાદી રહ્યું છે. રશિયા પર પ્રતિબંધો કડક બનતા અને રશિયાએ યુદ્ધની આકરી નીતિ ચાલુ રાખતા સામાન્ય શાંત થયેલ સ્થિતિ ફરી ઉચાળા ભરી રહી છે. રશિયા-યુક્રેન યુદ્ધને પગલે ક્રૂડ બજારમાં ભડકો જોવા મળ્યો છે. ક્રૂડ અને ઈક્વિટી બજારના દબાણ હેઠળ ભારતીય ચલણ રૂપિયામાં પણ બુધવારના સત્રમાં ઘસારો જોવા મળ્યો છે. રૂપિયો ડોલરની સામે આજના સત્રમાં ૫૦ પૈસાના કડાકે ૭૫.૮૨ની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે. યુરોપની અરાજકતા હવે સમગ્ર વિશ્વને બાનમાં લઈ રહી છે અને વિશ્વ અર્થવ્યવસ્થાને ભારે નુકશાન થવાની ભીતિને કારણે ઈક્વિટી બજારમાંથી મસમોટો આઉટફ્લો જોવા મળી રહ્યો છે. ઈક્વિટીની નરમાઈ અને બ્રેન્ટ ફરી ૧૦% ઉછળીને ૧૧૦ ડોલરને પાર પહોંચતા મોંઘવારી માઝા મુકશે અને વ્યાજદરમાં ઝડપી વધારો કરવાની વિશ્વની ટોચની સેન્ટ્રલ બેંકોને ફરજ પડશે તેવા રોકાણકારોના સેન્ટિમેન્ટ ખરડનારા ડરને પગલે ડોલરની સામે અન્ય ચલણમાં દબાણ જોવા મળી રહ્યું છે. સોમવારના બંધ ભાવ ૭૫.૩૩ પ્રતિ યુએસ ડોલરની સામે રૂપિયો બુધવારે ૭૫.૭૮ પર ખુલીને ૭૫.૮૩ સુધી ઘટ્યો છે.

મંગળવારે મહાશિવરાત્રિના તહેવારને પગલે ભારતીય કરન્સી માર્કેટ બંધ હતુ. સામે પક્ષે વિશ્વની ટોચની છ કરન્સીની સામે યુએસ ડોલરનું મૂલ્ય દર્શાવતા ડોલર ઈન્ડેકસમાં ૦.૦૧%નો સામાન્ય વધારો આજનાઅ સત્રમાં જોવા મળી રહ્યો છે અને તે ૯૭.૪૧ના લેવલે જોવા મળી રહ્યું છે. વિશ્વનુ કુલ ૧૦ ટકા ક્રૂડ ઓઈલ રશિયા પૂરું પાડે છે અને તેના ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાથી આ ક્રૂડ બજમાં આવશે નહિ એવી ધારણાના કારણે ભાવ બુધવારે ૧૧૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચી ગયા છે. અમેરિકા કે અન્ય કોઈ દેશે હજુ રશિયાના ઓઈલ ઉદ્યોગ ઉપર વેચાણ માટે પ્રતિબંધ નથી મૂક્યા પણ રિફાઈનરી કે ટ્રેડર્સ મોસ્કો સાથે સોદા નથી કરી રહ્યા. બજારમાં ક્રૂડ ઓઈલનો સ્ટોક ૨૦૧૪ પછી સૌથી નીચો છે એટલે સ્થિતિ વધારે ગંભીર બની છે.

## તંત્રી સ્થાનેથી...

# યુદ્ધ કોનું કલ્યાણ કરે છે?



**પુતિનને કોણે કહ્યું કે, ચડાવો બાણ,હવે તો યુદ્ધ એ જ કલ્યાણ...! મહાભારતના ધર્મયુદ્ધની પૃષ્ઠભૂમિ પર લખાયેલ પાર્થને કહો ચઢાવે બાણ,હવે તો યુદ્ધ એ જ કલ્યાણ અને એવરીથીંગ ઇઝ ફેર ઈન લવ એન્ડ વોર યુદ્ધની ક્રૂરતા અને ભયાનકતાનો ઓછી કરે છે અથવા તો પ્રમાણિત કરે છે. શ્રીકૃષ્ણએ મહાભારતના યુદ્ધને અનિવાર્ય અને આવશ્યક કહ્યું હતું, અન્યાય અને અનીતિનો છેદ ઉડાવવા અન્ય દરેક પ્રયત્નો નિષ્ફળ ગયા પછી અંતિમ વિકલ્પ રૂપે યુદ્ધ નિયત થયું, આથી એ યુદ્ધને ધર્મયુદ્ધનો દરજ્જો આપી કલ્યાણકારી કહેવામાં આવ્યું. સીતાજીનું અપહરણ કરી જનાર રાવણ સાથે યુદ્ધ કરવું રામ માટે આવશ્યક હતું. આ બે તો આપણા જાણીતા યુદ્ધ છે પરંતુ તમે માત્ર ભારત જ નહિ વિશ્વના ઇતિહાસનું કોઈ પણ પુસ્તક ખોલો, તમને એક મધ્યવર્તી વિચાર એ મળશે કે યુદ્ધ કલ્યાણકારી હોય કે વિધ્વંસક, તે આપણી વાસ્તવિકતા છે. માણસજાતને મૂળે અરસપરસ શાંતિ નથી ગમતી. રશિયા-યુક્રેનનું યુદ્ધ આજે આપણી નજર સામે તારાજી અને વિધ્વંસના દૃશ્યો દર્શાવે છે એટલે આપણે અસરગ્રસ્ત થયા છીએ, પરંતુ સત્તા અને સીમા માટેના યુદ્ધ પહેલા આંતરિક હોય છે પછી રણમેદાનમાં જાય છે.**

**માનવજાતિના ઇતિહાસમાં સુમેરિયન અને ઇજિપ્ત સંસ્કૃતિ સૌથી પુરાતન ગણવામાં આવે છે. અંદાજે ૩૦૦૦ બીસી થી લઈને આજ સુધી ઇતિહાસનું કેલેન્ડર જોશો તો પરિવર્તન, વિકાસ, રાષ્ટ્રનિર્માણ જેટલી જ તવારીખ યુદ્ધની છે. શાંતિની સ્થાપના અને સત્યને સત્તાસ્થાને મુકવાનો દાવો કરતા તમામ યુદ્ધ અંતે અનાથ, વિધવા અને અપંગોની સંખ્યા વધારે છે. ૧૭૪૦ થી ૧૮૯૭ના સમયગાળામાં માત્ર યુરોપમાં જ બસોથી વધુ યુદ્ધ થયા અને સૈન્ય -સલામતી દળના ખર્ચા માટે ઘણા બધા દેશ આર્થિક રીતે પાયમાલ થઇ ગયા. પ્રથમ વિશ્વયુદ્ધ અને દ્વિતીય વિશ્વયુદ્ધમાં મૃતકોની સત્તાવાર સંખ્યા ખ્યાલ છે? આ બંને વિશ્વયુદ્ધ વચ્ચે મૃતકોની સંખ્યામાં અંદાજે પાંત્રીસ મિલિયનનો વધારો જોવા મળયો, અને આપણે કેટલું આસાનીથી કહીએ છીએ કે, ત્રીજા વિશ્વયુદ્ધના ટકોરા શરુ થઇ ગયા છે! સરહદ પર શહીદ થનારા સૈનિક હોય કે ટેક્રો તળે કચડાઈ ગયેલા સિવિલિયન હોય, મૃત્યુથી પૂર્ણવિરામ નથી આવતું, બલ્કે અનેક પેઢીઓની માનસિકતામાં દ્વેષ, આક્રોશ, ભય અને વેરવૃત્તિ જેવા મનોવલણનું વહન થાય છે.**

**માનવ સભ્યતામાં યુદ્ધ કેમ સતત ચાલતી અને અનિચ્છનીય ઘટના છે? નકારાત્મક અને વિધ્વંસક હોવા છતાં યુદ્ધ આપણું સત્ય છે કારણકે તે આપણા જનીનમાં છે. પૃથ્વી પર માનવ વસાહતનો આરંભ જ સ્વાર્થ વૃત્તિથી થયો છે. જીવિત રહેવા માટે લડત આપવી એ પ્રત્યકે જીવની મૂળભૂત જરૂરિયાત છે, પરંતુ માનવ જાતિમાં જીવન અને શરીરને બચાવનારી મૂળભૂત વૃત્તિમાં સત્તા એન સીમાના રાજકારણ અને પાવર જીતવાની લાલસા ઉમેરાતી ગઈ. આથી છેલ્લા છ હજાર વર્ષના યુદ્ધમાં મૂળ કારણમાં સમગ્ર માનવજાતિની ઉત્ક્રાંતિ પણ સ્પષ્ટ પણે દેખાય છે. યુદ્ધ પાછળ માણસની દૈહિક વૃત્તિ, સલામતીની જરૂરિયાત, સામાજિક અસ્થિરતા, રાજકારણ ઉપરાંત પણ ઘણા કારણો છે. યુદ્ધ મન, આખી જનરેશન અને સમાજ જીવન પાર ગહેરી અસર કરે છે.**

# ૦૩ માર્ચ, "વિશ્વ વન્યજીવન દિવસ" પર્યાવરણનું જતન, આબાદ વતન ચાલો આજે વન્યજીવોની રક્ષાનો સંકલ્પ કરીએ.

વિશ્વભરમાં દર વર્ષે ૩ માર્ચે "વિશ્વ વન્યજીવન દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૩નાં રોજ, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ, તેની ૬૮ મી મહાસભામાં, વિશ્વભરનાં લોકોને વન્યપ્રાણી સંરક્ષણ માટે જાગૃત કરવા અને વનસ્પતિની લુપ્તપ્રાય જાતિ અંગેની જાગૃતિ માટે દર વર્ષે ૩ માર્ચે " વિશ્વ વન્ય જીવન દિવસ "ની ઉજવણી કરવાની ઘોષણા કરી હતી. જૈવ વિવિધતાની સમૃદ્ધિ પૃથ્વીને રહેવાલાયક બનાવવા માટે યોગ્ય બનાવે છે, પરંતુ આજના સમયની વક્રોક્તિ એ છે કે સતત વધતું પ્રદૂષણ વાતાવરણ પર એ રીતે વિપરિત અસર કરી રહ્યું છે કે જેના ખરાબ પરિણામ તરીકે જીવ-જંતુઓ અને વનસ્પતિઓની અનેક પ્રજાતિઓ ધીરે-ધીરે લુપ્ત થવાને આરે છે.

રાજ્યમાં વન વિસ્તારનું વર્ગીકરણ ખુબ જ અસમાન છે. આણંદ જીલ્લો સૌથી ઓછો જંગલ વિસ્તાર ધરાવે છે જયારે કચ્છ જિલ્લામાં સૌથી વધુ ૫૫૯૮.૮૩ ચોરસ કિમી વન વિસ્તાર આવેલો છે. દેશમાં કુલ ભૌગોલીક વિસ્તારનાં ૪ ટકા વન વિસ્તાર વન્ય પ્રાણી રક્ષિત વિસ્તાર જાહેર થયેલો છે. જેની સામે ગુજરાતમાં ૮.૮ ટકા વિસ્તાર પ્રાણીઓ માટે આરક્ષિત છે.

રાજ્યમાં દુર્લભ પ્રાણીઓનાં સંરક્ષણ કાર્યક્રમ અન્વયે ઘણાં રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યો પણ છે. રાજ્યમાં સિંહ, દીપડા, રીંછ, ઘુડખર, કાળીયાર, મગર જેવા વન્યજીવોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં ૫૧૩ જાતિના પક્ષીઓ, ૧૧૪ પ્રજાતિઓનાં સરીસૃપ અને ઉભયજીવી જાતો, ૧૧૧ પ્રજાતિનાં સસ્તન પ્રાણીઓ અને ૭૦૦૦થી વધારે પ્રજાતિઓનાં કીટકો અને મૃદુકાય જીવો જોવા મળી રહ્યા છે. જેમાંથી હવે ઘણા જીવો અલભ્ય થવા લાગ્યા છે. આ વન્ય જીવન દિવસ નિમિત્તે વનોની સંખ્યામાં વધારો થાય એ બાબતે પ્રયાસો કરવા જોઈએ જેથી વન્ય પ્રાણીઓનું રક્ષણ થઈ શકે.

? પર્યાવરણનું જતન, આબાદ વતન

? ચાલો આજે વન્યજીવોની રક્ષાનો સંકલ્પ કરીએ.

મિત્તલ ખેતાણી ( મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯ )

# ધર્મનું કામ જોડવાનું છે,તોડવાનું નહી



ધર્મ દરેક માનવને માનવ બનવાની પ્રેરણા આપે છે તથા કંઇક બનતાં પહેલાં માનવ બનવાની શીખ આપે છે.માનવ જ માનવના દુઃખ દર્દને સમજી શકે છે એટલે જ માનવ કંઇપણ બનતાં પહેલાં ફક્ત માનવ બને તો સમાજની કાયાકલ્પ થઇ શકે છે. સમાજના તમામ ઝઘડા, તમામ મુસિબતોનો ઉકેલ નીકળી શકે છે કારણ કે એક સાચો માનવ જ સાચો અધિકારી બની શકે છે, સાચો માલિક બની શકે છે. એક સાચો માનવ જ સાચો નોકર, સાચો મજદૂર બને છે. એક સાચા માનવમાં અહંકાર ઘૃણા ઈર્ષ્યા વેર વિરોધની ભાવના રહેતી નથી. ધર્મનું શિક્ષણ અપનાવવાથી તથા પરમપિતા પરમાત્માને તત્વરૂપમાં જાણવાથી જ માનવ માનવ બની શકે છે અને આ જ માનવમાત્રનો ધર્મ છે.

સંત નિરંકારી મિશનના વડા સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ (નિરંકારી બાબા)નું કથન છે કે સંસારમાં કોઇપણ મનુષ્યને કોઇપણ પ્રકારનું સુખ પ્રાપ્ત થાય છે તો તે એમ જ સમજે છે કે બસ ! હું જ સુખી બનેલો રહું અથવા મારો પરીવાર જ સુખી રહે પરંતુ ભક્તના હૃદયમાં આવી ભાવના હોતી નથી. ભક્ત સમગ્ર સંસારના માટે સુખોની કામના કરે છે. ભક્તના હૃદયમાં એવી ભાવના હોય છે કે જેવી રીતે મેં આ આત્મિક સુખને મેળવ્યું છે. આ આત્મિક સુખ સંસારમાં વસનાર તમામ પ્રાણીઓ પણ મેળવે. આ આત્મિક સુખ પરમાત્માને જાણવાથી જ પ્રાપ્ત થાય છે અને ત્યારબાદ માનવને દરેક જગ્યાએ એક પરમાત્માનું નૂર જ નજરમાં આવે છે તથા વૈર વિરોધની, નફરતની ભાવના આપોઆપ દૂર થાય છે. માનવમાત્રને સુખી જોવાની સંતોમાં અદમ્ય અભિલાષા હોય છે. સંતોનું કર્મ જ એ હોય છે કે તમામને મૂળ સત્ય(પરમાત્મા)ની સાથે જોડવામાં આવે.

સંતોની એવી ભાવના હોય છે કે મનુષ્ય જન્મ મળ્યો છે તો મૂળ સત્ય (પરમાત્મા)ની સાથે તમામને જોડવામાં આવે, જેનાથી તમામ આ સત્યની સાથે મળીને અમર અવસ્થા પ્રાપ્ત કરે અને આવાગમનનું ચક્ર સમાપ્ત થાય તથા તેના મનમાં પ્રેમ અને નમ્રતાનો નિવાસ થાય. સંસારની તમામ શક્તિઓ અસ્થિર છે. જો માનવી આવી શક્તિઓ ઉપર પોતાનો વિશ્વાસ રાખશે તો તેનું જીવન પણ અસ્થિર બનેલું રહેશે. આવી પરિવર્તનશીલ શક્તિઓનો સહારો લેવાથી માનવ જીવનમાં સ્થિરતા આવી શકતી નથી. જો અમારે પોતાના જીવનમાં સ્થિરતા પ્રાપ્ત કરવી હશે તો સત્ય સનાતન સ્થિર પરમાત્માની સાથે પોતાનો સબંધ જોડવો પડશે કે જે આદિથી અંત સુધી એકરસ છે અને એકરસ રહેવાના છે તેમાં કોઇ પરીવર્તન થતું નથી.

શ્રીમદ ભગવદગીતામાં આ પરમતત્વના વિશે કહ્યું છે કે ×આ અશરીરીને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, જળ ભિંજવી શકતું નથી અને વાયુ સુકવી શકતો નથી.× કારણ કે આ નિત્ય રહેવાવાળો, બધામાં પરીપૂર્ણ અચળ સ્થિર સ્વભાવવાળો અને અનાદિ છે. આ વિશાળ શક્તિ જ સમગ્ર સંસારને ચલાવનાર છે તેને જાણીને જ માનવ આનંદ સ્વરૂપ બની પરમધામને પ્રાપ્ત કરી શકે છે. પરમાત્માની સાથે જોડાવવું એટલે પરમાત્માને જાણીને માનીને સેવા સુમિરણ સત્સંગમાં દિલથી લાગી જવું. હરક્ષણ આ પ્રભુ પરમાત્માને અંગસંગ જોઇને તેમની પ્રાર્થના સ્તુતિ સુમિરણ કરવાં. અમારે અહીં તહીં ભટકવાની જરૂર નથી. ઘણીવાર અમોને એ ચિંતા થાય છે કે સંસારના ભયાનક કષ્ટો અમોને પરેશાન કરશે, આ દુનિયાના લડાઇ ઝઘડા અમોને જીવન જીવવા નહી દે પરંતુ અમે જયારે પરમાત્માથી પોતાને અલગ સમજી બેસીએ છીએ ત્યારે જ આવી ચિંતા થાય છે. જો અમે પૂર્ણ રીતે પૂર્ણભાવથી પ્રભુ પરમાત્માને અંગસંગ સમજીને તેનું ધ્યાન કરીએ તો કોઇ વાળ પણ વાંકો કરી શકતો નથી. અમારી અંદર તમામ પ્રકારની મુસીબતો સહન કરવાની શક્તિ આવી જાય છે.

ભક્તિથી જીવનમાં નમ્રતા અને સહિષ્ણુતા આવી જાય છે. ભક્તની અર્પણ ભાવનાના કારણે બીજાના દૃષ્ટિકોણનો આદર કરવાના કારણે ભક્તનું પ્રેમભર્યું દિલ સમગ્ર જગતને પોતાનો જ પરીવાર જુવે છે. વાસ્તવમાં ભક્ત પ્રાચિન સંતોના જીવન અનુસાર પોતાનું જીવન બનાવી દરેકની સાથે નિઃસ્વાર્થ પ્રેમ કરે છે અને તેથી તેમના જીવનમાં આનંદ આવે છે. આજે જગતનો માનવ ભૌતિક સાધનોના માધ્યમથી આનંદની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરે છે પરંતુ વાસ્તવિક સાચો આનંદ પોતે પોતાને અદનો આદમી સમજવાથી, પોતે પોતાને અર્પણ કરવાથી અને પોતાનામાં દાસ ભાવના લાવવાથી જ આવે છે. અલગ અલગ ફુલોની જેમ સંસારમાં ભિન્ન ભિન્ન પ્રકારના સામાજીક પરીવેશમાં જીવનાર લોકો હંમેશાં રહ્યા છે અને રહેશે, તેમનામાં ફુલહારની જેમ એકતા કે સામ્યભાવ ×બ્રહ્મજ્ઞાન× થી જ સંભવ છે. આ બ્રહ્મજ્ઞાન જ એક એવું માધ્યમ છે કે જેનાથી વિભિન્ન જાતિઓ સંપ્રદાયો અને માન્યતાના લોકોને માનવતાની માળામાં પરોવી શકે છે અને એ જ માનવ સમાજની શાન છે. સંસારમાં ઘણા જ પ્રકારના ફુલો હોય છે. આ ફુલો જ્યાં સુધી છુટાં હોય છે ત્યાં સુધી પવન તેમને ઉડાડીને દૂર દૂર ફેંકી દે છે પરંતુ જો આ ફુલોને સોઇ-દોરાની મદદથી એક ફુલહારનું રૂપ આપી દેવામાં આવે તો પવન તેને અલગ કરી શકતો નથી, એવી જ રીતે આ જ્ઞાનરૂપી દોરાથી જ્યારે માનવોને પરોવી દેવામાં આવે તો પછી તે બધા એક બની જાય છે પછી ગોરા કાળાની ભાવના, ઉંચ નીચના ભેદની ભાવના, જાતિપાતિની ભાવના તેમનામાં આવતી નથી અને તે જગતને સુંદરતા પ્રદાન કરે છે, સંકિર્ણ સાંપ્રદાયિકતા નહી પરંતુ આજે સમાજની એ દુર્દશા છે કે તે સંપ્રદાયને જ ધર્મ માની બેઠો છે માટે ધર્મના મૌલિક સિદ્ધાંતોને પ્રાથમિકતા આપવાની જરૂર છે. જો માનવ ધર્મના મર્મને સમજે તો આંતરીક સંઘર્ષ તથા તનાવ આપોઆપ સમાપ્ત થઇ જાય છે.

ધર્મનો મર્મ શું છે? ધર્મની વાસ્તવિકતા શું છે તે સમજાવતાં ગુરૂદેવ હરદેવસિહજી મહારાજ (નિરંકારી બાબા) કહે છે કે ×ધર્મ તો અપનાવવાનું નામ છે,પડતાને ઉઠાવવાનું નામ છે, ધર્મ તો બીજાને બચાવવા માટે પોતે પોતાને સમર્પિત કરવાનું નામ છે, ધર્મ અનેક નથી, ધર્મ એક જ છે કે પોતાના સ્વામી એક પરબ્રહ્મ પરમાત્મા કે જે નિર્ગુણ નિરાકાર અવ્યક્ત છે તેમને જાણવા અને માનવમાત્રમાં તેમનું જ દર્શન કરવું.× આજે સંસારમાં માનવ અનેક ધર્મોને માનવાની વાતો કરે છે પરંતુ જે વાસ્તવિક ધર્મ છે તેનાથી દૂર નીકળી ગયો છે. માનવ શરીરની બનાવટ, તેનો પહેરવશે તથા તેના ખાન-પાનને જોઇને જ કહેવામાં આવે છે કે આ ફલાણાનો ધર્મ છે પરંતુ સંત મહાત્માઓએ આ બધી વાતોથી પર જે અટલ ધર્મની વાત કરી છે તે વાસ્તવિક ધર્મ છે. સંતોએ માનવમાત્રને સંદેશ આપ્યો છે કે હે માનવ ! તને આ માનવ જન્મ મળ્યો છે તો પોતાના માલિક એક પ્રભુ પરમાત્માની ઓળખાણ કરી લે અને ત્યાર પછી તમામ માનવોમાં તેમનું જ નૂર જોઇને તમામની સાથે પ્રેમ કર, તમામના ભલા માટે કામના કર એ જ વાસ્તવિક ધર્મ છે તેના સિવાય અન્ય કોઇ ધર્મ નથી.

×અમારા દેશમાં આજે જે લડાઇ ઝઘડાઓ થઇ રહ્યા છે તેનું મૂળ કારણ તંગદિલી અને સંકુચિતતા છે. જ્યારે અમે ધર્મના વાસ્તવિક સ્વરૂપને સમજી લઇશું અને માનવ એકતાની ભાવના જીવનમાં કર્મરૂપમાં લાવીશું તો જ આનો અંત આવશે. માનવોએ એ સમજી લેવું જોઇએ કે ×ધર્મનું કામ જોડવાનું છે તોડવાનું નહિ× કોઇપણ ગુરૂ પીર પેગમ્બરોએ અંદરોઅંદર વેર વિરોધ કરવાનું શિક્ષણ આપ્યું નથી.પરમાત્મા એક છે અને તમામ મનુષ્ય એક પરમાત્માનાં જ સંતાન છે તેથી સંસારના તમામ માનવ ભાઇ ભાઇ છે. જો માનવ સત્ય ધર્મની સાથે જોડાઇ જાય તો સમાજમાં અવશ્ય સુધારો થઇ જશે. વિભિન્ન જાતિઓ અને મત રૂઢિઓ અને પરંપરાઓ વર્ણ આશ્રમ વગેરે ઈશ્વરકૃત નહી પરંતુ સમાજે બનાવેલા છે. અલગ અલગ જાતિઓના ટોળાં પણ ઈશ્વરે બનાવ્યાં નથી. વિભિન્ન સંપ્રદાયો અને જાતિઓનાં જે બાહ્ય ચિન્હો કોઇ વ્યક્તિ પોતાની સાથે લઇને જન્મ્યો નથી. ખાન-પાન આવાસ વગેરેની વિભિન્નતા પણ પરમાત્માએ બનાવેલ નથી એ વાત નિર્વિવાદરૂપથી સત્ય છે કે અમારો એકમાત્ર ધર્મ ×માનવતા" છે જેમાં તમામ વિષમતાઓનો પરિત્યાગ કરીને આત્મદર્શન કરવું આવશ્યક છે. જેમ સોનામાંથી અનેક આભૂષણો બનાવ્યા પછી અનેક નામોથી ઓળખવામાં આવે છે,પરંતુ જ્યારે તમામ આભૂષણોને ભેગાં કરીને ઓગાળી નાખવામાં આવે તો પછી અનેક આભૂષણોના નામ અને રૂપ રહેતાં નથી,તેવી જ રીતે નામરૂપમય જગત પણ બ્રહ્મમાં મિથ્યારૂપથી કલ્પિત છે. આજદિન સુધી જેટલા પણ તત્વદર્શી મહાન સંત થયા તે તમામ આદર્શ ગૃહસ્થ હતા. આદર્શ ગૃહસ્થી જ આદર્શ સંત બની શકે છે.સંતનું પ્રથમ લક્ષણ છે તમામની સાથે પ્રેમ કરવો અને પરીવાર તેનું પ્રારંભિક સ્થળ છે.

વિનોદભાઇ માછી
નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# યુક્રેનમાં માર્યા ગયેલા ભારતીય વિદ્યાર્થીના પિતાએ કહ્યું કે જાતિવાદના કારણે ભારતમાં એડમિશન ન મળ્યું

નવીદિલ્હી,તા.૨

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા તણાવમાં ઘણા ભારતીય લોકો યુક્રેનમાં ફસાયા છે. જેમાં અનેક વિદ્યાર્થીઓ પણ સામેલ છે. આ દરમિયાન યુક્રેન પર રશિયાના હુમલામાં એક ભારતીય વિદ્યાર્થીનું મોત થતા દેશભરમાં શોકમય માહોલ છે. યુક્રેનમાં માર્યા ગયેલા ભારતીય વિદ્યાર્થી નવીનના પિતાએ મંગળવારે દાવો કર્યો હતો કે, મોંઘું તબીબી શિક્ષણ અને ×જાતિવાદ× એવા કેટલાક પરિબળો છે, જે ભારતીય વિદ્યાર્થીઓને ડોકટર બનવાના સપનાને આગળ વધારવા માટે યુક્રેન જેવા દેશોમાં લઈ જાય છે.




શોકગ્રસ્ત પિતા શેખરપ્પા જ્ઞાનેગૌડાએ જણાવ્યું હતું કે, ખાનગી કોલેજોમાં પણ મેડિકલ સીટ મેળવવા માટે કરોડો રૂપિયા ખર્ચવા પડે છે. હાવેરી જિલ્લાના ચલાગેરીનો રહેવાસી નવીન યુક્રેનના ખાર્કિવમાં મેડિકલ કોલેજમાં સ્મ્મ્જી કોર્સના ચોથા વર્ષનો વિદ્યાર્થી હતો. તે ખાવાનો સામાન લેવા માટે બંકરમાંથી બહાર આવ્યો હતો અને ગોળીબારની ઝપેટમાં આવી ગયો હતો, જેમાં તેનું મોત થયું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ્ઞાનગૌડાને ફોન કરીને શોક વ્યક્ત કર્યો હતો. જ્ઞાનેગૌડાએ કહ્યું કે, પીએમ મોદીએ તેમને બે-ત્રણ દિવસમાં પુત્રનો મૃતદેહ ઘરે લાવવાનું આશ્વાસન આપ્યું છે.

શિક્ષણ પ્રણાલી અને જ્ઞાતિવાદને કારણે, તે મેરિટોરીયસ વિદ્યાર્થી હોવા છતાં સીટ મેળવી શક્યો ન હતો. અહીં મેડિકલ સીટ મેળવવા માટે એક કરોડથી બે કરોડ રૂપિયાની લાંચ આપવી પડે છે. તેમણે પત્રકારોને જણાવ્યું કે, તેના પુત્રએ ૧૦મા ધોરણમાં ૯૬ ટકા અને ૧૨મા ધોરણમાં ૯૭ ટકા મેળવ્યા હતા અને તેણે ધોરણ ૧૦માં ડોક્ટર બનવાનું સપનું જોયું હતું. નવીનના પિતાએ જણાવ્યું કે, પુત્રનું ૧૦મા ધોરણથી જ ડોક્ટર બનવાનું સપનું હતું, કારણ કે તે સાયન્સમાં ખૂબ જ હોંશિયાર હતો. નવીનના પિતાએ વધુમાં જણાવ્યું કે, "શિક્ષણ વ્યવસ્થા અને જ્ઞાતિવાદના કારણે હોશિયાર વિદ્યાર્થી હોવા છતાં તેને સીટ મળી શકી નથી. અહીં સ્મ્મ્જીની સીટ મેળવવા માટે ૧ કરોડથી ૨ કરોડ રૂપિયા ચૂકવવા પડે છે. હું આપણી રાજકીય વ્યવસ્થા, શિક્ષણ વ્યવસ્થા અને જાતિવાદથી નિરાશ છું. બધું ખાનગી સંસ્થાઓના નિયંત્રણમાં છે. જ્યારે થોડા લાખ રૂપિયામાં શિક્ષણ શક્ય છે, તો અહીં કરોડોનો ખર્ચ શા માટે? ત્યાં (યુક્રેનમાં) શિક્ષણ ખૂબ સારું છે. ભારતની સરખામણીમાં સાધનસામગ્રી પણ સારી છે, કોલેજ અને શિક્ષણ સારું છે"



આજ રોજ મહાશિવરાત્રી ના શુભ અવસરે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ (માતૃ સંસ્થા) દ્વારા મહા આરતી નું આયોજન કરાયું. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મ સમાજ જિલ્લા પ્રમુખ રાકેશ ભાઈ પંડ્યા, જિલ્લા યુવા પ્રમુખ પ્રોફેસર હર્ષ દવે, જિજ્ઞાસુ ભાઈ જાની, અશોક ભાઈ, નયન ભાઈ દવે, સમીર ભાઈ મહેતા, દ્વારા સુંદર આયોજન કરાયું. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મ સમાજ પ્રદેશ માંથી શૈલેષ ભાઈ ઠાકર તેમજ પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય જે પી પટેલ સાહેબ ની વિશેષ ઉપસ્થિતિ રહી. સમગ્ર મહા આરતી દરમ્યાન પ્રસાદ આયોજન સનેહલભાઈ પાઠક, અને સમસ્ત બ્રહ્મ સમાજ જિલ્લા યુવા પ્રમુખ પ્રોફેસર હર્ષ દવે અને નગર પ્રમુખ નયન ભાઈ દવે દ્વારા કરાયું. લુણાવાડા મહારાજા સિદ્ધરાજ સિંહજી દ્વારા શિવજી ની આરતી પૂજા કરવામાં આવી. સમગ્ર મહાઆરતી માં મોટી સંખ્યા માં યુવાનો જોડાઈ મહાદેવ ના આશિર્વાદ મેળવ્યા..ભીખાભાઈ માછી...

# ક્લાઈમેટ ચેન્જના કારણે ભારતમાં મોટાપાયે પૂર અને દુષ્કાળનું જોખમ

નવીદિલ્હી,તા.૨

ક્લાઈમેટ ચેંજને કારણે દેશના સમુદ્રી કિનારા વાળા શહેરો તેમજ હિમાલયની આસપાસના વિસ્તારો પર મોટી અસરથઇ શકે છે. ઇંટરગવર્નમેંટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેંજ (આઇપીસીસી)ની રિપોર્ટના જણાવ્યા અનુસાર જો ક્લાઈમેટ ચેંજ સામે હાલ પગલા ન લેવામાં આવ્યા તો પુરી દુનિયા માટે પરિણામ બહુ જ ઘાતક સાબિતથઇ શકે છે.

હવામાન બદલવાને કારણે વધુ આૃથવા ઓછો વરસાદ, પુર, ગરમીનું પ્રમાણ વધી શકે છે. આ રિપોર્ટમાં વધી રહેલા તાપમાનને કારણે ભારતના કૃષિ ક્ષેત્ર પર માઠી અસર પહોંચશે. ક્લાઈમેટ ચેન્જીસ અને તેની સાથેનાં પરિબળોની તીવ્ર અસરથી ૨૦૫૦ના અંત સુધીમાં એશિયાની ગંગા, સિંધુ ,અમૂ દરિયા સહિત અન્ય નદીઓના તટમાં પાણીની તીવ્ર કટોકટી સર્જાઇ શકે છે.ઇન્ટર ગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જીસ (આઇ.પી.સી.સી.)ના અહેવાલમાં આવી ગંભીર ચેતવણી આપવામાં આવી છે. આઇ.પી.સી.સી.ના અહેવાલમાં એવો સંકેત પણ આપવામાં આવ્યો છે કે ક્લાઇમેટની અસરને કારણે ભારતનાં અમદાવાદ અને મુંબઇ શહેરને પણ ગંભીર અસર થવાનું જોખમ છે.

# યુક્રેન સરકાર હાથમાં હથિયાર થામવા માટે ૧.૫ મિલિયન અને દુશ્મનને મારવા માટે ૩૦૦ ભેટમાં આપશે

કીવ,તા.૨

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અત્યાર સુધી બંને દેશોને ઘણું નુકસાન થયું છે. ચારે બાજુથી ટીકા થઈ રહી હોવા છતાં રશિયાનો હુમલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. તે જ સમયે, યુક્રેન સતત રશિયાના હુમલાનો જવાબ આપી રહ્યું છે. યુક્રેને નક્કી કર્યું છે કે તે રશિયા સામે ઝુકશે નહીં. મંગળવારે યુરોપિયન સંસદમાં પોતાના સંબોધનમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પણ પોતાનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું કે, યુક્રેનના લોકો અને યુક્રેનની સેના શાનદાર છે. તે સમાપ્ત થાય ત્યાં સુધી અમે લડીશું. આ દરમિયાન યુક્રેનના એક પગલાએ બધાને ચોંકાવી દીધા છે. યુક્રેને પોતાની સૈન્ય તાકાત વધારવા માટે ખુલ્લી ભરતીની જાહેરાત કરી છે. આ સાથે યુક્રેનની સરકાર લડાઈમાં સામેલ લોકોને મોટી રકમ પણ આપશે. આવો હવે અમે તમને જણાવીએ કે યુક્રેને નાગરિકોને યુદ્ધમાં સામેલ થવા માટે શું ઓફર કરી છે. યુક્રેનની સરકારે કહ્યું છે કે યુદ્ધમાં હથિયાર લઈને યુક્રેન માટે લડનારાઓને ૧.૫ મિલિયન ડોલર આપવામાં આવશે. આ સાથે જ આ નિવેદનમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે દુશ્મન સેનાના સૈનિકની હત્યા માટે ૩૦૦ ડોલરની વધારાની રકમ પણ આપવામાં આવશે. જણાવી દઈએ કે આ જાહેરાત યુક્રેનિયન ઈન્ટેલિજન્સ વિભાગે પોતાની ટેલિગ્રામ ચેનલ પર કરી છે. યુક્રેને રશિયા સામેના યુદ્ધમાં સામાન્ય લોકોને મહત્તમ સંખ્યામાં સામેલ કરવા માટે આટલા મોટા ઈનામની જાહેરાત કરી છે. મૃત્યુ માટે ઈ૩૦૦ અને લશ્કરી સાધનો રાખવા માટે ઈ૧.૫ લાખથી ૨.૫ લાખનો દર નક્કી કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે રશિયન આર્મી ટેક્રને પકડવા માટે ૨.૫ લાખ રિવનિયા (યુક્રેનિયન ચલણ) આપવામાં આવશે. સશસ્ત્ર વાહનોને કબજે કરવા માટે દોઢ મિલિયન રિવનિયા, પાયદળના લડાયક વાહનોને કબજે કરવા માટે ૨ લાખ રિવનિયા અને રશિયન સૈનિકને ઘાયલ કરવા અથવા મારવા માટે $300. તમને જણાવી દઈએ કે રશિયાના સતત એરસ્ટ્રાઈકના કારણે લોકો સુરક્ષિત જગ્યાઓની શોધમાં છે. લાખો લોકો યુક્રેન છોડી ગયા છે. યુક્રેન છોડનારાઓમાં મોટાભાગના મહિલાઓ, બાળકો અથવા વૃદ્ધો છે. મોટી સંખ્યામાં લોકોએ દેશ છોડ્યા બાદ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ આદેશ જારી કર્યો છે કે યુવાનો અને યુદ્ધ લડવામાં સક્ષમ લોકો દેશ છોડી શકે નહીં.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO. 0081

પ્રકાર : ગધ

વિષય : સામાજિક જીવનની મીઠી યાદો

શીર્ષક : લીલીછમ યાદો

શબ્દો :૩૪૭

સામાજિક જીવન એટલે આપણી આજુબાજુના પરિસર કે કામનાં સ્થળે એકબીજા માટે મદદરૂપ થવું.આ માટે કોઈ મોટી ધનરાશિ કે પીઠબળ નહીં પરંતુ એક સહૃદયી દિલની જરૂર હોય છે.

બેંકની કારકિર્દી દરમ્યાન થયેલ અનુભવોમાંથી એક ..દિનેશ નામનો એક શખ્સ જરૂર પડે બેંકની સાફસફાઈ માટે આવતો. બેંકનો સ્ટાફ લાંબી રજા પર હોય ત્યારે એની સાથે વધુ વાતચીત કરતાં જણાયું કે બાજુની ઓફિસમાં ઓછા પગારે લાંબો સમય પ્યુન તરીકે કામ કરતો હતો.

એની નિષ્ઠા, ઈમાનદારી અને નમ્રતા સૌને મનમાં વસી ગઈ.એ દરમ્યાન જ શાખાનો સફાઈ કામદાર તાનાજી પ્યુન તરીકે પદોન્નતિ પામ્યો. એની સખત મહેનતને હું ગણિત તેમ જ અંગ્રેજી , બેંક સમય પૂરો થયા પછી શીખવી પાનો ચઢાવતી. એ જ્યારે શાખા છોડી પ્યુન તરીકે ગયો ત્યારે મને સાષ્ટાંગ પગે લાગી ગયો.ત્યાર બાદ પણ ગ્રામીણ શાખામાં ?કામ કરી ક્લાર્ક તરીકે બઢતી મેળવી. વારંવાર ફોન કરી એ પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરતો.

?હવે ફરી આવીએ દિનેશની વાત પર,તાનાજીની જગ્યા ખાલી પડવાથી દિનેશને નિયત કર્યો પણ, રોજનાં પગાર પર.રજા હોય એ દિવસે એને પગાર ન મળે. મારાં ઉપરી સાહેબ સાથે સમય મળે વાત કરી દિનેશ વિશે કંઈક કરવા કહેતી. રાષ્ટ્રીયકૃત બેંક એટલે બીજો કોઈ હસ્તક્ષેપ ન થાય.

દિવસો પસાર થઈ રહ્યાં હતાં ત્યારે મેં જીદ કરી દિનેશને બારમું ધોરણ પાસ કરવા કહ્યું. આખો દિવસ નોકરી, ઘરે પહોંચવા લાંબો પ્રવાસ.. વિગેરે સાથે સરળ નહોતું પણ એણે પરીક્ષા આપી. મરાઠી માધ્યમ હોવાથી વધુ મદદ ન કરી શકતી.પણ એને વિધ વિધ માર્ગદર્શન માટે પુસ્તકો ઉપલબ્ધ કરી આપ્યાં. ત્રણ પ્રયત્ન બાદ એણે બારમું પાસ કરી લીધું.

આ દરમિયાન ઉપરી સાહેબની બદલી થઈ પણ તેમની બઢતી થવાથી તેઓ મુંબઈથી બેંગ્લોર ગયાં.દિનેશની નિયુક્તિનું કામ ઠેબે ચઢ્યું.પણ, જુદાં જુદાં યુનિયન પદાધિકારીઓ અને બીજાં ઉપરીઓ થકી મેં દિનેશ મિશન ચાલુ રાખ્યું.એ દરમિયાન બઢતી પામી ગયેલા સાહેબને એસ ટી ડી થી ફોન કરતી રહેતી. એમનાં પ્રભાવથી છેવટે લગભગ વરસ બાદ દિનેશને સફાઈ કામદાર તરીકે નિયુક્તિનો પત્ર મળ્યો.

એ દિવસે એ મારી પાસે આવી ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડ્યો અને પગે લાગ્યો. એ બાદ થોડાં જ સમયમાં મારી પણ બીજી શાખામાં બદલી થઈ,માનો દિનેશ માટે જ ત્યાં હતી. આજે પણ એની હાજરી ફોનથી પૂરાવતો રહે છે.

આવી નાની નાની અનેક વાતો કંઈક કર્યાનો આનંદ આપી આજે નિવૃત્તિનાં આઠ વર્ષ બાદ પણ બેંકની યાદોને લીલીછમ રાખે છે.

માયા દેસાઈ ,મુંબઈ ભારત.

# પતીત છે પુતિન કે પુનિત છે પુતિન.. (ન્યૂઝ ઓફ ગાંધીનગર.દૈનિક)

(દિપક પટેલ શિક્ષક,સુરત)
જનતા દરબાર સંયોજક ગુજરાત.
આરટીઆઈ કાર્યકર્તા.

મહત્વાકાંક્ષા, મિથ્યાભિમાન, મદમસ્ત, મેલી મથરાવટી અને કાવાદાવા માનવને દાનવ બનાવે છે. અનેક નિર્દોષ નાગરિકોની હત્યા, એમના રક્તથી રંજીત વિજય મેળવ્યો હોય કે મહા વિજય થયો હોય.

ઈતિહાસ કદાપિ માફ નહીં કરે.

આજે ભારતનું અમૂલ્ય યુવાધન ફસાયું છે ત્યારે ભારતના તમામ પક્ષોએ એકજૂથ થઈને આઝાદ ભારતના વડાપ્રધાનને સમર્થન આપવું જોઈએ. વિદેશ મંત્રાલય દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી એક એક ભારતીય નાગરીક હેમખેમ પરત સ્વદેશ પાછા આવી જાય એવું તાકીદે કરવું જરુરી છે.

ભારતના નાગરિકોને બાનમાં રાખ્યાં હોય એવું જણાય છે ત્યારે ભારતીય હેલ્પ લાઇન હેલ્પ માંગતી હોય અને લાચાર હોય એવું જણાય છે. યુદ્ધના ઢોલ છેલ્લાં બે ત્રણ મહિનાથી વાગતાં હતાં, ના ભાઈ ના. યુદ્ધ એકાદ મહિનામાં નથી મંડાતું .. નાટો દેશ સંગઠન, રશિયાના ચારેબાજુના પાડોશી દેશ અને એમાય અમેરિકાની ચઢામણી, શસ્ત્રોની બિછમણી.

ભારતને ઘેરવા જે ચાલ ચીન કરે છે એવી ચાલ અમેરીકા કરે. રશિયા એ ભારત નથી.. એ વિશ્વ એ સમજવાની જરુર છે.

રશિયાએ કાળા નાગ ની જેમ દંશ માર્યો છે. એ પહેલાં ફૂફાડા માર્યા હશે. યુક્રેન સામે લાલ આંખ કરી હશે. સમજાવ્યું હશે.

નાટો નામના સંગઠનમાં અનેક દેશો જોડાયાં છે. હુમલો થાય તો ભેગાં મળીને બચાવ કરવો. બચાવ કરશે ?

હવે જો નાટો કોઈ ઉતાવળ કરે કે અમેરીકા, ચીન, યુરોપના દેશો કોઈ ચાલ ચાલે તો..? ત્રીજા વિશ્વ યુદ્ધના એંધાણ વર્તાઇ રહ્યા છે?

ત્રીજા વિશ્વ યુદ્ધની કોઈ શક્યતા નથી નથી નથી જ.

યુદ્ધ અટકાવવા આર્થિક પ્રતિબંધ કારગર નિવડે છે એવાં સમયે યુક્રેન અને રશિયા ઉપર આર્થિક પ્રતિબંધ લગાવી દેવામાં આવે અને બરાબર સકંજો કસવામાં આવે તો જ યુદ્ધ વિરામ શક્ય છે, જો યુક્રેન અને રશિયાને કોઈ પણ પ્રકારની નાણાકીય મદદ કે શસ્ત્ર સહાય કરવામાં આવશે તો તું ખેંચ પકડ મૈ જોર કરું જેવી તંગડી ઊંચી કરી લડાઈ જારી રહેશે. એ વિશ્વને જ મોઘું પડશે.

યુધ્ધમાં મારનાર અને મરનાર બન્ને પક્ષે નુકશાન થાય છે અને નિર્દોષ નાગરિકો માર્યા જાય છે. યુધ્ધ જોનારને પણ નુકશાન થાય છે.

એક નાનું યુદ્ધ અનેક વર્ષો સુધી કાળો પડછાયો છોડી જાય છે.

રશિયા એ પેટ્રોલનો કૂવો છે પરંતુ એકલા પેટ્રોલથી જીવતાં ના રહેવાય. વિશ્વ એક અરસપરસ એકબીજાની હૂંફ અને સહકારથી ધબકે છે. આ બધી પારકી પંચાત છોડી આપણે આપણી વાત કરીએ.યુદ્ધના એંધાણ વરતારા વચ્ચે દરેક ભારતીય નાગરીક ચિંતિત છે. બીજી બાજુ કથિત ઉત્તમપ્રદેશમાં ચૂંટણીના ઢોલ નગારાં વાગતા છે.

આપણાં સંતાનો સાત આઠ માઈનસ તાપમાનમાં પૈદલ ભૂખ્યાં તરસ્યાં વતન પરત ફરવા પરદેશની સીમા શોધી રહ્યાં છે.૨૦૦૦૦ હજાર કરતાં વધુ લોકો ફસાયા છે એવાં સમાચાર વચ્ચે એકાદ વિમાન ઉડી વતન પરત આવે છે. એકાદ બે બાળકો જીવતાં જીવ જાણે લોટરી લાગી જાય એમ જીવતાં પરત ફરે છે. અખબારોના મથાળાં બની જાય છે. હજારો લોકો હજુ ફસાયેલાં છે. આપણે પણ યુદ્ધનાં સમાચાર વાંચી જોઈ સૈનિક સૈનિક રમીએ છીએ. વિનાશ, સંહાર થી ઉત્તેજિત ઉત્સાહિત થઈએ છીએ. ખાડી યુદ્ધ વખતે લાખો લોકોને ભારતદેશ સ્વદેશ પરત લાવવામાં સફળ થયો હતો. હાલ પોતાની પીઠ થાબડવાના જે તાયફા થઈ રહ્યાં છે. ચૂંટણી પ્રચારમાં રંગ રશિયા ચૂંટણી પ્રચારમાં યુદ્ધને વટાવી જે રીતે મતદારોને આકર્ષવા સસ્તી રીત અપનાવી રહ્યા છે. એના પડઘા વિદેશોમાં પડે છે અને દેશની ફજિયત થાય છે એ કેમ ભુલાય ? છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારત હંમેશ મોડું જાગે છે અને ખોટી મોટી બુમો પાડીને હાશકારો અનુભવ્યો હોય એમ હાંફ ઊતારે છે.

ભારત એ વિશ્વ માટે અતિ વિશાળ ગ્રાહક બજાર ધરાવે છે ત્યારે ભારતના મિત્રને, પ્રેમથી યુદ્ધ રસિયા પુતિનને, યુક્રેનને ધમકી, ચીમકી, ઠપકો, સલાહ, આપે કે જો અમારો એક પણ યુવાન હણાયો તો .. અમારા દરવાજા બંધ. દોસ્તી કટ.

મોટી છાતી બતાવવાનો સમય વીતિ જાય પછી ?

અમેરિકાને અફઘાનિસ્તાન યાદ છે. પીછેહઠ કરવી પડી છે. એજ રીતે રશિયાએ પણ પોતાના સૈનિકો પરત ખેંચી લેવા પડ્યા હતા.હવે કોઈ પણ દેશને આખા ગામના ફોજદાર થવાનું પરવડે તેમ નથી. વહેલું સમજી જાય તો સારું, આજ નહીં તો કાલે યુધ્ધ સમાપ્ત કરવું પડશે.

યુદ્ધની સમાપ્તિ પછી અમુક વિશ્વનેતાઓ કહેશે કે અમોએ યુધ્ધ રોકવા અને બંધ કરવા ખુબ ખુબ પ્રયાસો કર્યા હતા.

યુદ્ધની આડઅસરો ગુજરાતમાં શરુ થઇ ગઇ છે. કોમર્શિયલ ગેસના ભાવ વધારી દેવાયા છે. જાણકારો જાણે છે કે આ ભાવ વધારો કુત્રિમ છે. ભંડારો ભરેલા હતાં, ભાવ વધારાનો બોમ્બ ગુજરાતમાં ઝીંકાયો. યુધ્ધના બહાને ભાવ વધારી દેવાય , પ્રજાને લુટી લેવાય, કોઈ પુછવા વાળું છે ?

એક હાથે તાળી પડે નહીં. દોષ બંનેનો રશિયા અને યુક્રેન બન્નેનો હોવો જોઈએ...! હશે જ...!

## ડાંગ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતો જોગ:

આહવા તાઃ ૦૨:

ડાંગ જિલ્લામા બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે સને.૨૦૨૨-૨૩ના વર્ષમા સહાય મેળવવા અર્થે, બાગાયત ખાતાની વિવિધ યોજનાઓમા લાભ લેવા માટે, તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૩૦/૦૪/૨૦૨૨ સુધી આઇખેડૂત (www.ikhedut.gujarat.gov.in) પોર્ટલ ખુલ્લુ મુકવા આવેલ છે.

જેથી આ યોજનાઓમા લાભ લેવા માંગતા ડાંગ જિલ્લાના લાભાર્થીઓએ નિયત સમય મર્યાદામા અરજી કરી, જરૂરી સાધનિક કાગળો, અને આધારકાર્ડ સાથે મદદનીશ બાગાયત નિયામક, આહવા જિ.ડાંગની કચેરીમા રજુ કરવા અનુરોધ કરાયો છે. આ અંગેની વધુ માહિતી કે માર્ગદર્શન માટે કચેરીનો સંપર્ક નંબર : ૦૨૬૩૧ ૨૨૧૨૭૩ ઉપર સંપર્ક સાધવા પણ જણાવાયુ છે.

## પાલનપુરનો વિદ્યાર્થી યુક્રેનથી ઘરે પરત ફરતા પરિવારજનોમાં ખુશી.

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

રશિયા-યુક્રેનના યુદ્ધ વચ્ચે યુક્રેનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓ ઓપરેશન ગંગા અંતર્ગત ફરત ફરી રહ્યાં છે. ત્યારે બનાસકાંઠાના પાલનપુર તાલુકાનો વિદ્યાર્થી આજે હેમખેમ પોતાના ઘરે પહોંચતા પરિવારમાં લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. પાલનપુર તાલુકાના સેમોદ્રા ગામનાનો કમલેશ દરજી નામનો વિદ્યાર્થી યુક્રેનની ઓડીસા સિટીમાં એમબીબીએસનો અભ્યાસ કરતો હતો. જોકે, યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ થતાં વિદ્યાર્થીઓ ફસાયા હતા. બોમ્બ ધડાકા અને ગોળીબારના અવાજોથી વિદ્યાર્થીઓ માનસિક તણાવમાં હતા. જોકે, અનેક યાતનાઓ વચ્ચે તેઓએ બોર્ડર ક્રોસ કરી હતી અને ત્યારબાદ ઇન્ડિયન એમ્બેસીની મદદથી તેઓ દિલ્હી પહોંચ્યા હતા અને આજે પોતાના વતન વડગામ ખાતે પહોંચ્યા હતા. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ થતા વિદ્યાર્થીઓના પરિવારો પણ માનસિક તણાવ હેઠળ હતાં સતત ટીવી ચેનલ પર ન્યુઝ ભારતીયોની માહિતી મેળવતા અને સતત પોતાના બાળક સાથે સંપર્કમાં રહેતા હતા. જોકે, છેલ્લા પાંચ દિવસ સતત માનસિક ટેન્શનમાં રહ્યા બાદ આજે પોતાનો દીકરો ઘરે પહોંચતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા.

### ખાઉલા, પીઉલા અને નાચુલા જેમનો જીવનમંત્ર છે તેવા ડાંગ જિલ્લાના ડાંગીજનોનો 'શિમગા ઉત્સવ'

# ડાંગીજનોની હોળી તથા તેના ઉપપર્વ એવા 'ડાંગ દરબાર' ની તારીખ અને તવારીખ ઉપર એક દ્રષ્ટિપાત



આહવા તાઃ ૦૨ : મનુષ્ય સ્વભાવથી જ આનંદપ્રિય પ્રાણી છે. ચીલા જેમ ચાલતા આ માનવ જીવનમા તહેવારો, ઉત્સવો આનંદ નિર્માણ કરી, મનુષ્ય જીવનને અતિ ઉત્સાહી બનાવે છે. લોકોની સામાજિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક ધારણાઓ ઉપર તહેવારો સારો એવો પ્રકાશ પાડે છે. ઋતુચક્રનુ મહત્વ દર્શાવતા આ તહેવારોને આચરણમા લાવવાની ઈચ્છા એ માનવસહજ છે. આમ, મનુષ્યને પોતાના દુઃખ ભુલી જવા માટે, તથા આનંદ દ્વિગુણિત કરવા માટે ખરેખર તહેવારો એક મહાપર્વણીરૂપ છે.

મોટા ભાગના ડાંગી આદિવાસીઓ ખેડૂતો હોવાથી તેમના તહેવારો ખેતીને લગતા જ છે, તે પણ એટલુ જ સ્વાભાવિક છે! આદિવાસી પ્રદેશમા હોળીના નોખા, અને અનોખા મહત્વને ધ્યાને લઈને, આજે આપણે ડાંગ જિલ્લાના આદિવાસી સમાજની હોળી, અને તેના રીતરિવાજ ઉપર એક દ્રષ્ટિપાત કરીએ. ડાંગમા, ડાંગી આદિવાસીઓનો મોટામા મોટો તહેવાર હોળી છે. ફાગણ સુદ આઠમથી હોળીના તહેવારનુ અહીં વાતાવરણ જોવા મળે છે. સામાન્ય રીતે ફાલ્ગુન સુદ પૂનમે અહીં હોળી હોય. ડાંગી લોકો આ દિવસને 'શિમગા' તરીકે ઓળખે છે. શિમગા એ હોળીનુ બીજુ નામ છે. પૂનમે હોળી ઉજવ્યા બાદ રંગપંચમી સુધી હોળીના ગીતો અને વાદ્યોની મસ્તીમા જ ડાંગીજન જોવા મળે છે.

ડાંગી આદિવાસી પ્રજા, દિવાળી પછી જંગલ અને ખેતરોમા મજુરી કામે લાગી જાય છે. પરંતુ સામાન્યતઃ હોળી પહેલા દસ દિવસ અગાઉથી જ તે કામ ઉપર જવાનુ બંધ કરી દે છે. આઠમથી તે રંગપંચમી સુધી મોટા ભાગના ડાંગીઓ, પછી તે પુરૂષ હોય કે સ્ત્રી હોય, પોતાની આગવી મસ્તીમા, ઢોલના તાલ ઉપર નાચતા જ નજરે પડે છે. હોળીના દિવસે તો આ લોકો સાંજથી બીજા દિવસ સુધી આખી રાત નાચ્યા કરતા હોય છે.

ઘર શણગારવુ, ખાવુ, ગાઉ અને નાચવુ (ખાઉલા, પીઉલા અને નાચુલા) એ જ હોળીનો તહેવાર મનાવવાની રીત. વસંતઋતુ પૂરી થઇ, હવે તૂ ખેતરના કામે લાગી જા એ જ સંદેશ ડાંગી આદિવાસીઓને હોળી આપે છે.

જંગલમય વિસ્તાર હોવાથી લાકડાની અછત નથી, એટલે ડાંગના ગામડે ગામડે ઠેર ઠેર મોટી હોળીઓ પ્રગટાવાય છે. આદિવાસીઓ મુહૂર્ત જાઇને જ હોળી પ્રગટાવે છે. ડાંગીઓ આને હોળીબાઇનુ લગ્ન કહે છે. હોળી પ્રગટાવતા પહેલા ડાંગી સ્ત્રીઓ,

ડોંગરીચી માઉલી ડ ડ,
દેવાદારી ઉતરીલ ડ ડ ડ,
દેવાદારી ઉતરીલ ડ ડ ડ,
હોળીબાઇચ્યા લગ્નાલા ડ ડ,
દેવાદારી ઉતરીલ ડ ડ ડ,
કળીયાલા ઉચિત ડ ડ,
ખાંભવાલા ઉચિત ડ ડ,
ડોંગરીચી માઉલી ડ ડ,

આ ગીત ગાઇને ડુંગર માવલીને હોળીબાઇના લગ્ન પ્રસંગે હાજર રહેવા વિનંતી કરે છે. ત્યાર બાદ બધા જ સ્ત્રી, પુરૂષો એકમેકની કમરમા હાથ નાંખીને, કુંડાળામા ફરતા ફરતા, નાચતા નાચતા ગીતો ગાતા ગાતા, આખી રાત પસાર કરે છે.

હોળીના ગીતો ખૂબ જ ઓછી સંખ્યામા છે. જે ગીતો છે, તે ગીતો ડાંગભરમા એક જ સૂરમા ગવાય છે.

કનચે મહિને ઉનીસો,
ફાગુન મહિને ઉનીસો,
બાઇ ફાગુન મહિને ઉનીસો, કાય કાય ભેટ લસીલો ?
બાઇ કાય કાય ભેટ લસીલો ? ખાંભ ભેટ લસીલો,
બાઇ ખાંભ ભેટ લસીલો,

આ ગીતોના સૂરથી આખો ડાંગ પ્રદેશ ગુંજી ઉઠે છે.

હોળેડડગ બાડડ ઇ ભોળે તૂં, સદા શિમગા ખેળે તૂં,
એ હોળીલા મનાવસુ,
પહિલાચ તોરણ ચઢાવસુ,
હોળેગ ભાઇ ભોળે તૂં,
સદા શિમગા ખેળે તૂં,

આ હોળી ગીત ખાસ કરીને દક્ષિણ ડાંગમા વધારે પ્રચલિત છે.

હોળીનુ ઉપ પર્વઃ ડાંગ દરબાર

હોળીના મહાન પર્વમા એક બીજુ ઉપપર્વ છે. તે છે હોળીના તહેવાર દરમિયાન યોજાતો 'ડાંગ દરબાર'. ડાંગમા ઇ.સ.૧૮૪૨ સુધી ડાંગી ભીલ રાજા અને નાયકો રાજ્ય કરતા હતા. ઇ.સ.૧૮૪૨મા ડાંગના જંગલના પટાઓ બ્રિટિશોને આપવામા આવ્યા, અને આ પટા પેટે જંગલના અધિકારપત્રો પણ ભીલ રાજા, નાયકોએ બ્રિટિશરોને સુપ્રત કર્યા. આ પટાની સામે ભીલ રાજાઓને આબકારી હક્કો, તેમજ હળપટ્ટીના રૂપમા જમીન મહેસૂલ, ઢોર માટે ઘાસચારાની તથા બીજી પેશ્વાઇ ભથ્થાની વાર્ષિક રકમ, રાજાઓના પોતપોતાના રાજ્યના આજુબાજુના વિસ્તારમાંથી તથા બ્રિટિશ પ્રદેશમાંથી મળતી હતી. આ અછળી રકમ, દર વર્ષે રાજા, નાયકો અને તેમના ભાઉબંધોને, ડાંગી પ્રજાજનોનો દરબાર ભરીને બ્રિટિશ હૂકુમત તરફથી એનાયત કરાતી. દરબાર યોજવા પાછળનો બ્રિટિશરોનો મુખ્ય આશય એવો હતો કે, ડાંગી રાજાઓ, નાયકો તથા તેમની પ્રજા, એક જ જગ્યાએ એકત્ર થાય, અને બ્રિટિશ સત્તા માટે સદ્ભાવ અને વ્યવહાર ભાવના કેળવે.

આજથી સો વર્ષ અગાઉના અભ્યાસ ઉપરથી દરબારનો પ્રસંગ વિશિષ્ટ રીતે ઉજવવામા આવતો હતો, તેવુ ફલિત થાય છે. તે વખતે રાજાઓ, નાયકો તથા તેમના ભાઉબંધો રંગબેરંગી પોષાકમા અહીં આવતા, અને બે થી ત્રણ દિવસ દરબારના મેળાનો આનંદ મનાવતા હતા. બ્રિટિશ પોલિટિકલ એજન્ટોના હાથે સાલિયાણુ મેળવવુ, એ ઘણુ માનભર્યુ સમજતા હતા.

ઇ.સ. ૧૮૭૬/૭૭મા રાણી વિક્ટોરીયાનો ભારતના મહારાણી તરીકે રાજ્યાભિષેક થયો તે પ્રસંગે ધુળિયા (મહારાષ્ટ્ર) મા દરબાર યોજવામા આવ્યો હતો. પે પછી પીપળનેર, પીપલાઇદેવી, અને શીરવાડામા પણ દરબાર યોજાયાના અહેવાલો પ્રાપ્ત થયા છે. ઇ.સ.૧૯૦૦ના મે માસમા આ દરબાર વઘઇ ખાતે યોજવામા આવ્યો હતો. આ દરબાર વખતે રાજાઓને જંગલ સબસિડી, અને શિરપાવ આપવામા આવતો. નાયકો તથા પોલીસ પટેલોને પણ આગ નિવારણ તથા બીજા કામો માટે બક્ષિસો આપવામા આવતી. સને ૧૯૧૦મા પિંપરીના નાયકને જંગલ ખાતાની ઉપયોગી સેવા કરવા બદલ, એક બંદૂક બક્ષિસમા આપવામા આવી હોવાના ઉલ્લેખ જોવા મળે છે. તે જ વરસમા સારી જાતના પાક માટે, કેટલાક પોલીસ પટેલોને કદરરૂપે ચાંદીના કડા બક્ષિસ તરીકે આપવામા આવ્યા હતા.

ઇ.સ.૧૯૧૧મા ચિંચલી-ગડદના નાયકને બ્રિટિશ સરકાર પ્રતિ વફાદાર રહેવા બદલ સોનાની વિંટી (અંગુઠી) આપવામા આવી હતી. ઇ.સ.૧૯૧૩ના દરબારમા લોકો ઘણી મોટી સંખ્યામા હાજર રહ્યા હતા. આ દરબાર વખતે ગાઢવી, પીંપરી, દહેર, ચિંચલી, કિરલી તથા વાસુર્ણાના રાજાઓ તથા ગાઢવી રાજાના કુટુંબના એક વયોવૃદ્ધ આસામીને, દિલ્હી દરબાર તરફથી ચંદ્રકો એનાયત કરવામા આવ્યા હતા. તેમ છતા ઇ.સ. ૧૯૧૪મા ભીલ રાજાઓ તથા નાયકોએ બ્રિટિશ હૂકુમત સામે બળવો પોકાર્યો હતો.

પરંતુ તેમા રાજાઓ ફાવ્યા નહીં. ઇ.સ.૧૯૧૫મા દરબાર વખતે જે રાજાઓ, અને નાયકોએ બળવામા ભાગ લીધો હતો, તેમને દંડ કરવામાં આવ્યો, અને જેમણે ભાગ ન લીધો તેમને ચાંદીના ઘરેણા, અને રોકડ આપી, તેમનુ સન્માન કરવામા આવ્યુ હતુ. ત્યાર પછી દરબાર કોઇપણ વિઘ્ન વિના ભરવામા આવતો હતો.

ઇ.સ.૧૯૩૫મા ભરાયેલો દરબાર વિશિષ્ટ પ્રકારનો હતો. આ દરબાર ખાસ ×રૌપ્ય મહોત્સવ× દરબાર તરીકે ઉજવવામા આવ્યો હતો. આ દરબારમા રોકડ રકમ, અને શિરપાવની વહેંચણી કરવામા આવી હતી. ઇ.સ.૧૯૪૭ સુધીમા ત્રણ વખત આહવામા દરબાર યોજાયો હતો. ઇ.સ.૧૯૪૮મા ડાંગનુ વિલિનિકરણ થયુ. છતા દરબાર પ્રતિવર્ષ નિયમિત ભરવામા આવતો. પરંતુ ઇ.સ.૧૯૫૪થી મુંબઇ સરકારે રાજા, નાયકો અને ભાઉબંધોને પેશગી આપવાની પ્રથામા ફેરફાર કરી, તેમના મૂળ હક્કોના બદલામા તેમને વંશપરંપરાગત પોલિટિકલ પેન્શન (રાજકીય પેન્શન) આપવાનુ નક્કી કર્યુ. અગાઉથી યોજાતા આવેલા દરબાર વખતે પેન્શન આપવાનો ખાસ પ્રસંગ આજે પણ દરબાર વખતે યોજાય છે. ઇ.સ.૧૯૫૪થી આજ સુધીમા દરબાર આહવા ખાતે જ યોજવામા આવ્યા છે.

દરબાર ચાલુ થાય તે પહેલા પાંચથી છ દિવસ અગાઉથી બજાર (હાટ) ભરાવાનુ ચાલુ થાય છે. જેમા ડાંગી પ્રજા રોજબરોજની ચીજવસ્તુઓ ખરીદે છે. દરબારમા લગભગ સૌ ડાંગીજનો ભાગ લેતા હોય છે. રંગપંચમી પછી દરબારની ગિર્દી અને હોળીનો ઉત્સાહ ઓછો થતો જાય છે. આ હોળીના તહેવારના મીઠાસભર્યા પ્રસંગો, સ્મૃતિમાંથી દૂર ન થાય ત્યાં જ બીજુ પર્વ આવીને ઊભુ રહે છે.

આમ, વર્ષભર પ્રકૃત્તિના ખોળે વસતા, ડાંગી પ્રજાજનો ઉત્સવો, પર્વોની ઉજવણી સાથે તેમનું નૈસર્ગિક જીવન જીવતા નજરે પડે છે. આ વિશિષ્ટ જનજીવન, તેમના રીતરિવાજો, તેમનો પહેરવેશ, રહેણીકરણી અને તેમની આદતો, માન્યતાઓને નજીકથી જોવા, જાણવા અને માણવા માટે, તમારે ડાંગ જિલ્લાની મુલાકાત લેવી જ રહી. 'કોરોના કાળ' એટલે કે ૨૦૨૧ના વિરામ બાદ આ વર્ષે ફરીથી ભરાઈ રહેલા ડાંગ દરબારના આ ભાતીગળ લોકમેળાનુ ઉદ્ઘાટન, રાજવીઓની શોભાયાત્રા, અને તેમને પોલિટિકલ પેન્શન એનાયત કરવાનો કાર્યક્રમ આગામી તા.૧૨મી માર્ચે યોજાશે. ત્યાર બાદ સતત પાંચ દિવસ સુધી એટલે કે તા.૧૬/૦૩/૨૦૨૨ સુધી ભાતીગળ લોકમેળો અને જુદા જુદા કાર્યક્રમો, મેળામા આવતા પ્રજાજનોને માણવા મળશે.

નરેન્દ્ર પવાર ડાંગ

# પેન્શન ગ્રેજ્યુટી ૩૦૦ રજાઓ તથા મળવાપાત્ર તમામ પ્રકારના લાભો આપવાનો આદેશ થતાં લાંબા સમય બાદ લાભો મળતા કામદારોના પરિવારમાં આનંદની લહેર

પંચમહાલ જિલ્લા મા આવેલ પાનમ યોજના વર્તુળ ની નાયબ કાર્યપાલક ઈજનેર પાનમ સિંચાઇ પેટા નંબર ૨ ની મોરવા રેણા ની કચેરીમાં તારીખ ૬/૯/૮૨ થી રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા પરમાર રઈજી ઉદા તારીખ ૩૦/૧૧/૦૬ ના રોજ નોકરીમાંથી નિવૃત્ત થયેલ તેમજ મકાન અને માર્ગ વિભાગ પંચાયત લુણાવાડા જીલ્લો મહીસાગર મા રોજમદાર તરીકે તારીખ ૨૧/૯/૭૩થી ફરજ બજાવતા ડામોર બાબુભાઈ ઉજમા ભાઈ તારીખ ૩૦/૬/૧૮ ના રોજ તેમની નોકરીમાંથી નિવૃત્ત થયેલ તથા વનવિભાગના પરિક્ષેત્ર વન અધિકારી ખાનપુર રેન્જ માં રોજમદાર તરીકે તારીખ ૧/૪/૭૪ થી ફરજ બજાવતાભગવાનભાઈ મોતીભાઈ ડામોર તારીખ ૩૦/૧૧/૧૨ નિવૃત થયેલ નિવૃત્તિ સમયે મળવાપાત્ર પેન્શન ગ્રેજ્યુટી ૩૦૦ રજાઓ તેમજ મળવાપાત્ર અન્ય ભથ્થાઓ ની ચૂકવણી કર્યા સિવાય તેમની લાંબા સમયની નોકરીમાંથી નિવૃત્ત કરી દીધેલ આ ત્રણ કામદારોએ તેમને થયેલા અન્યાય બાબતે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખ શ્રી એસ એસ ભોઈ નોસંપર્ક કરતા ફેડરેશન દ્વારા આ કામદારોને રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી પેન્શન પેન્શનતફાવત ગ્રેજ્યુટી ૩૦૦ રજા તથા મળવાપાત્ર તમામ પ્રકારના હક્કો ચૂકવી આપવા લાગતા વળગતા અધિકારીઓ ને નોટિસ પાઠવી પરંતુ નોટિસો કોઈ યોગ્ય પ્રત્યુત્તર ન મળતા ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન દાખલ કરવામાં આવેલ જે કામે ફેડરેશનના એડવોકેટ દીપક દવે હાજર રહેલ અરજી ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૩ કામદારોને રોજમદાર તરીકે ની સળંગ નોકરી ઘણી પેન્શન પેન્શન તફાવત ૩૦૦ રજાઓ અને મળવાપાત્ર તમામ પ્રકારના હકો ચૂકવી આપવાનો આદેશ કરતા કામદારો અને કામદારોના પરિવારોમાં અનેરો ઉત્સાહ અને આનંદ છવાયો છે

ગાંધીનગર સમાચારના કટાર લેખક

# શહેરના જાણીતા સાહિત્યસર્જક નટવર હેડાઉ 'વનવિહારી'નું દુઃખદ અવસાન

## સાહિત્ય સભાના પૂર્વ અધ્યક્ષ અને નિવૃત વન અધિકારી સ્વ.નટવર હેડાઉને તાજેતરમાં સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક પ્રાપ્ત થયું હતું

ગાંધીનગર, તા.૧

જાણીતા સાહિત્યસર્જક, ગાંધીનગર સમાચારના વરિષ્ઠ કટાર લેખક અને નિવૃત વન અધિકારી નટવર હેડાઉ 'વનવિહારી'નું આજે બપોરે ૬૬ વર્ષની વયે આકસ્મિક દેહાંત થયું હતું. સદગતની અંતિમયાત્રા તેમના વાવોલની હરિનગર સોસાયટી ખાતેના નિવાસસ્થાનેથી સાંજે ૭ કલાકે સરગાસણના રૂદ્રભૂમિ સ્મશાન ખાતે જવા નિકળીહતી જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરાયાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ તેમને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યાં હતા.



પ્રકૃત્તિપ્રેમી હોવા સાથે સ્વભાવે સહજ અને સરળ વ્યક્તિત્વ ધરાવતા બાળસાહિત્યકાર, કવિ લેખક, વિવેચક અને પત્રકાર એવા સ્વ.નટવર હેડાઉ બી.એ. એમ એ.ની ડિગ્રી ધરાવતા હતા અને ગાંધીનગર ખાતે વન વિભાગમાં સેવા આપીને વર્ષ ૨૦૧૪માં નિવૃત થયા હતા. સ્વ. નટવર હેડાઉનું સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં તેમનું યોગદાન રહ્યું છે જેમાં ટૂંકી વાર્તા, નિબંધ, નાટક, પ્રવાસ, અનુવાદ, વન કથાઓ, અવલોકન ગ્રંથ, બાળસાહિત્ય, પર્યાવરણ અંગેના લેખો વગેરેનો સમાવેશ થાય છે. તેમનો જન્મ રાજકોટમાં થયો હતો પરંતુ તેમનું મૂળ વતન બનાસકાંઠાનું શિહોરી હતું. સ્વ. નટવર હેડાઉ સાહિત્ય લેખન સાથે તેઓ વિવિધ સાહિત્યિક સંસ્થાઓ સાથે પણ જોડાયેલા છે. 'ગુજરાત સાહિત્ય સંગમ'ના અધ્યક્ષ તરીકે, 'ગાંધીનગર સાહિત્ય સભા' પૂર્વ પ્રમુખ તરીકે, 'ગુજરાતી લેખક મંડળ'-અમદાવાદ ઉપપ્રમુખ તરીકે, ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ ગાંધીનગર દ્વારા પ્રકાશિત 'બાલસૃષ્ટિ' માં કૃતિ પસંદગીના સંપાદક તરીકે સેવાઓ આપી ચુક્યાં છે. તેમની 'ડુંગરને નવરાવ્યો' કથા ધોરણ સાતના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં સમાવેશ થયો હતો અને તેઓ દૂરદર્શન અને આકાશવાણીના માન્ય લેખક હતા. તેમણે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર બાળસાહિત્યના પરામર્શક તરીકે, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરમાં કાવ્ય, નિબંધ, વાર્તા લેખન વગેરેમાં નિર્ણાયક અને પરામર્શક તરીકે સેવાઓ આપી હતી. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે પ્રકૃતિ પ્રેમી અને વન અધિકારી નટવર હેડાઉનો જન્મ વિશ્વ પર્યાવરણ દિવસ એટલે કે ૫મી જૂન ૧૯૫૫ના રોજ થયો હતો. તેમના આકસ્મિક નિધનથી ગુજરાતના સાહિત્યિક જગતને ખૂબ મોટી ખોટ પડી છે અને ગાંધીનગર સાહિત્ય વર્તુળમાં શોકની કાલિમા પ્રસરવા પામી છે.

# ચાણસ્મા ગામના શિવાલયોમાં હર હર મહાદેવ નો નાદ ભક્તો દ્વારા ગુંજાયો



મિતેશ વ્યાસ નો રિપોર્ટ ચાણસ્મા.

આજરોજ મહાશિવરાત્રી પર્વ હોવાથી ચાણસ્મા ગામ ની અંદર પીપળેશ્વર મહાદેવ ,લાલેશ્વર મહાદેવ, ભીમનાથ મહાદેવ, મૃત્યુંજય મહાદેવ વગેરે સિવાય માં દર્શન કરવા માટે ભક્તો ઉમટી પડ્યા હતા. દરેક શિવાલયની અંદર હર હર ભોલે નાથ, હર હર મહાદેવ નો નાદ ગુંજી ઉઠયો હતો.

પ્રતિવર્ષની જેમ પીપળેશ્વર મહાદેવ ની શોભાયાત્રા બેન્ડવાજા સાથે વાજતે-ગાજતે નીકળી હતી. શોભાયાત્રામાં નાના બાળકો, બહેનો અને ભાઈઓ શોભાયાત્રામાં જોડાયા હતા.

શોભાયાત્રા ની અંદર મહાદેવના ગીતો ગાય ભક્તજનો જુમી ઉઠયા હતા.

શોભાયાત્રા પીપળેશ્વર મહાદેવ થી ભીમનાથ મહાદેવ, મૃત્યુંજય મહાદેવ નિજ પીપળેશ્વર મહાદેવ પરત ફરી હતી.

ચાણસ્માના ગામના ભૂદેવો દ્વારા યુકેન મા ફસાયેલા અલગ અલગ જ્ઞાતિ ના વિદ્યાર્થીઓ સુરક્ષિત પોતાના વતન ફરે એ માટે ભૂદેવો દ્વારા મહાદેવને પ્રાર્થના કરવામાં આવી હતી.


# ખારીઘારીયાલ ગામે શિવરાત્રી પર્વની ઉજવણીને લઈ હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા.

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લા ના ચાણસ્મા તાલુકા ના ખારીઘારીયાલ ગામે નિલકંઠ મહાદેવના મંદિરે વહેલી સવારથી જ શિવ ભક્તોની મોટી સંખ્યામાં ભીડ જોવા મળી હતી.શિવ ભક્તોએ શિવજીને બિલિપત્રો ,દુધ,દહીં,રૂદ્ન અભિષેક સાથે ચાર પહોરની પુજા અર્ચના કરી હતી.શિવ મંદિરોમાં ધાર્મિક ધુન અને શિવ ભકતોની ચહલ પહલથી ધમધમી ઉઠ્યા હતા.નિલકંઠ મહાદેવના મંદિરને ફુલો અને લાઈટિંગની રોશનીથી શણગારવામાં આવ્યા હતા.તેમજ મંદિરમાં રંગોળી કરવામાં આવી હતી. તેમજ શિવાલયોમાં ભાંગનો પ્રસાદ પણ ગ્રામજનો ને આપવામાં આવ્યો હતો.શિવજીને પુજા અર્ચના કરીને નવિન ધજા રોહણ કરાયું હતું.રાત્રે શિવ મંદિરે ભજન કિર્તન કરવામાં આવ્યું હતું. ભક્તજનોને પટેલ કાન્તિભાઈ ઈશ્વરદાસ તરફથી મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



જયારે ખારીઘારીયાલ ગામે શ્રી પીઠાઇ માતાજી ના મંદિર ની બાજુમાં ખંડેશ્વર મહાદેવ ના મંદિરે શાસ્ત્રી મુકેશભાઇ વ્યાસ(હારીજ ), રાજુભાઇ ઠાકર (હારીજ ),જય બારોટ એડવોકેટ (પાટણ), કૌશિક મહેતા(પાટણ ), નિતિનભાઇ પટેલ સુપર ઓટો પાર્ટ્સ (પાટણ ) સહિતે શિવજી ચાર પહોરની આરતી કરી હતી.તેમજ પહેલા પહોરે શિવજીને શેરડીના રસનો અભિષેક,બીજા પહોરે ફ્રુટના જયુસનો અભિષેક,ત્રીજા પહોરે ભાંગનો અભિષેક ચોથાપહોરે ગાયના દુધનો અભિષેક કરવામાં આવ્યો હતો.અને શિવજીના દર્શનનો લાભ લીધો હતો.





શ્રી ત્રયંબકેશ્વર મહાદેવ,સેકટર -૮.ગાંધીનગર શિવરાત્રી હોમાત્મક લઘુરુદ્ર તેમજ અંબાસણ અન્નપૂર્ણા ધામ.મોદીપુર મહેસાણા.શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ શિવરાત્રી ચાર પ્રહર શિવ મહાપૂજા સંપન્ન..

# પવિત્ર અને ધાર્મિક નગરી સિધ્ધપુર ખાતે મહાશિવરાત્રીની ભવ્ય શોભાયાત્રા નિકળી

## સિધ્ધપુર શિવમય, મંદીરોને શણગારવામાં આવ્યા, દર્શન અને પૂજા આરાધના કરવા ભકતોની ભીડ ઉમટી.



નગરપાલિકા અધ્યક્ષા શ્રીમતી કૃપાબેન આચાર્ય, પૂર્વ જીઆઈડીસી ચેરમેન બલવંતસિંહ રાજપૂત, રાજયના પૂર્વ પોલીસ આયુકત ડી.જી. વણઝારા, નગરપાલિકાના મુખ્ય અધિકારી સંજયભાઈ પટેલ, ઉપપ્રમુખ નારીભાઈ લસ્સીવાલા, શહેર ભાજપના પદાધિકારીઓ, પૂર્વ નગરપાલિકા પ્રમુખ અને બ્રમ્હાંડેશ્ર્વર દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અજીતભાઈ ઠાકર, મ્યુ. સદસ્યો અંકુરભાઈ મારફતીયા, ભાવેશ રાજયગુરૂ, પૂર્વ સદસ્ય ઉર્વેશભાઈ પંડ્યા, ભરતભાઈ મોદી, સિધ્ધપુર ઔ. સ. બ્રામ્હણ જ્ઞાતીના પ્રમુખ હિતેષભાઈ પંડ્યા અને પદાધિકારીઓ, સિધ્ધપુર ભાજપના પ્રભારી દાદુજી ચાવડા, શહેર ભાજપ યુવા મોર્ચાના પ્રમુખ મિહીર પાધ્યા અને પદાધિકારીઓ સહીતના મહાનુભાવોએ ભોલેનાથની પાલખીઓની પૂજા અને દર્શન મેળવી ધન્યતા અનુભવી.

પિતાંબરધારી ભૂદેવોના ખભે પાલખીઓમાં બિરાજીને શિવજીની ભવ્ય અને દિવ્ય નગરયાત્રા યોજાઈ. લોકો દર્શન મેળવી ધન્ય બન્યા.

વિદ્વાન બ્રામ્હણો દ્વારા તમામ શિવમંદીરોમાં ચારપ્રહરના પૂજાપાઠ સંપન્ન થયા હતા.

જુદાજુદા વિસ્તારોના યુવકમંડળો અને સંસ્થાઓએ યશોભાયાત્રામાં જોડાયેલા ભકતો માટે ઠંડાપાણી, સરબત વિગેરેની સેવા આપી.

સિધ્ધપુર નગરપાલિકા દ્વારા સમગ્ર રૂટની સફાઈ, લાઈટીંગ અને સ્ટાફને હાજર રાખીને નગરયાત્રા દરમ્યાન કોઈ અડતણ ના આવે તેની વ્યવસ્થા ગોઠવી હતી.

પોલીસતંત્ર દ્વારા સમગ્ર નગરયાત્રાના વિવિધ પોઈન્ટો ઉપર સઘન અને ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો જેથી યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ હતી.

સિધ્ધપુર પંથકના તમામ શિવમંદીરોમાં મહાશિવરાત્રી પર્વના ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

# અમેરીકાના કેલિફોર્નિયાના નોર્વોક માં આવેલ શ્રી રાધાકૃષ્ણ મંદિરમા ધામધૂમથી ઉજવાયું મહાશિવરાત્રી પર્વ



કેલિફોર્નિયાના-નોર્વોક ખાતેના શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં મહાશિવરાત્રી ની ઉજવણી માટે તારીખ ૨૮ મી ફેબ્રુઆરી તથા ૧ લી માર્ચના રોજ વિશેષ પુંજા અને મહારૂદ્રાભિશેક નો કાર્યક્રમ યોજાઈ ગયો..આ માટે શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં બપોર ના ૪ વાગ્યાથી થી ૭ વાગ્યા સુધી શિવ મહાપુજા અને મહારૂદ્રાભિશે માટે નું આયોજન કરવામાં આવ્યું હતું... તથા મહાશિવરાત્રી નિમિત્તે મંદિરના ગર્ભગૃહમાં લગભગ ૧૦ ફૂટ ઊંચુ શિવલીંગ બનાવવામાં આવ્યું હતું , આ શિવપુંજા માટે લગભગ ૭૫ જેટલા ભાવિકો આવ્યા હતા, અને પુંજા માટે પુંજા-સામગ્રી જેવીકે ફ્રુટજુસ-શેરડી નો રસ,કેસરનું પાણી,પંચામૃત,દુધ અને મગ વગેરે મંદિરમાંથી આપવામાં આવી હતી...અને મંદિરના શાસ્ત્રીજી શ્રી ભરતભાઈ રાજગોર અને નલિનીબેન રાજગોરે હાજર ભાવિકોને મંત્રોચાર અને વિધિ-વિધાન પુર્વક પુંજા કરાવવામાં આવી હતી... આ પુંજામાં તેઓની સાથે પ્રફુલભાઈ શાસ્ત્રીનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો. મહાપુંજા પછી કથ્થક આર્ટીસ્ટ શ્રીમતિ શીંદુરીબેન અને તેમની શિષ્યા એ શિવ-તાંડવ નૃત્ય રજુ કરી હાજર સૌને મંત્ર મુગ્ધ કર્યા હતા.. ત્યાર બાદ આરતી કરવામાં આવી હતી... અને મંદિરમાં ફરારી પ્રસાદ અને ઠંડાઈ ની પણ સુંદર વ્યવસ્થા રાખવામાં આવિ હતી.

( તસ્વિર અને માહિતીઃ- કાન્તિભાઈ મિસ્ત્રી ,કેલિફોર્નિયા )

# ધરા ધામ ઈન્ટરનેશનલ દ્વારા ગાંધીનગરના સામાજિક કાર્યકર અને સાહિત્યકાર શ્રી ડૉ ગુલાબચંદ પટેલ ને ગીતા ગ્લોરી અવોર્ડ એનાયત



સામાજિક અને સાહિત્યિક સેવાઓ ધ્યાનમાં લઈને ગાંધીનગર ના હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક તથા મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ના અધ્યક્ષ, ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા ના ગુજરાત ના અધ્યક્ષ, અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નોઈડા ના ના ગુજરાત ના અધ્યક્ષ શ્રી ઉમિયા ગૌ શાળા એવંમ ગુરુકુળ સંસ્થાન ગાંધીનગર ના પ્રમુખ શ્રી ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ ગાંધી નગર ના ડાયરેક્ટર, ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ના પ્રમુખ શ્રી તથા વર્લ્ડ રેકોર્ડ થી સમ્માનિત એવા શ્રી ડૉ ગુલાબચંદ પટેલ ને ધરાધામ ઈન્ટરનેશનલ દ્વારા ગીતા ગ્લોરી અવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ધરાધામ ઈન્ટરનેશનલ દ્વારા ભારત અને અન્ય દેશ કેન્યા, નૈજિરીયા, શ્રી લંકા, ક્રેસિંન વિગેરે દેશના કર્મયોગીયો ને ગીતા ગ્લોરી અવોર્ડ તથા ભૂષણ અવોર્ડ ઑન લાઈન આપી સન્માનિત કરવામાં આવ્યા છે. ધરાધામ ઈન્ટરનૅશનલ ના અધ્યક્ષ સૌહાર્દ શિરોમણિ ડૉ સૌરભ પાંડે દ્વારા આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓએ તમામ અવોર્ડ વિજેતા લોકો ને અભિનંદન પાઠવ્યા છે. ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા ના અધ્યક્ષ શ્રી ડૉ શૈલેષ વાણિયા દ્વારા ડૉ ગુલાબચંદ પટેલ ને શુભેચ્છા પાઠવી છે.

ડૉ ગુલાબચંદ પટેલ

અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ✆ ૮૮૪૯૭૯૪૩૭૭

## તપાસ ટીમ દ્વારા રૂ.૩,૬૦,૮૨૫ નો મુદામાલ સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરી..

# પાટણની બહુચર ટ્રેડિંગ નામની દુકાન માંથી ખોરાક અને ઔષધ નિયમન ની ટીમે ૧૭૨૪ કિ.ગ્રા.તેલ નો જથ્થો સીઝ કર્યો



## કલેકટરની સુચના આધારે ખોરાક અને ઔષધ નિયમન ની ટીમે ઓચિંતી તપાસ હાથ ધરી ખાધતેલના નમૂના લીધા.

પાટણ

પાટણ શહેર નાં છિડીયા દરવાજા બહાર આવેલ બહુચર ટ્રેડિંગ નામની દુકાન માંથી પાટણ ખોરાક અને ઔષધ નિયમન કચેરી નાં અધિકારી સહિત ની ટીમ દ્વારા મંગળવારે રાત્રે ઓચિંતી તપાસ હાથ ધરી શંકાસ્પદ ખાદ્યતેલ નાં નમુના લઈ જથ્થા ને સિઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ બાબતે મળતી હકીકત મુજબ પાટણ શહેરમાં કેટલાક વેપારીઓ દ્વારા ખાદ્યતેલમાં ભેળસેળ કરાતી હોવાની બૂમરાણ ઉઠવા પામી છે. ત્યારે મંગળવારના રોજ મોડી સાંજે જિલ્લા કલેકટરને ખાનગી રાહે હકીકત મળી હતી કે પાટણ શહેરના છીડીયા દરવાજા બહાર આવેલ બહુચર ટ્રેડીંગ નામની દુકાનના માલિક દ્વારા પોતાની દુકાનની અંદર તેમજ દુકાન ની પાછળ આવેલ પોતાના ઘરમાં ખાદ્યતેલમાં ભેળસેળ કરવામાં આવી રહી છે. જે હકીકત નાં આધારે જિલ્લા કલેકટર દ્વારા પાટણ ખોરાક અને ઔષધ નિયમન કચેરીના અધિકારીને ઉપરોક્ત બાબતે અવગત કરી સ્થળ પર તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવા સુચિત કરાતા પાટણ ખોરાક અને ઔષધ નિયમન કચેરી નાં અધિકારી વિપૂલભાઈ ચૌધરી અને તેમની ટીમે મંગળવારે રાત્રે જ સ્થળ પર પહોંચી મોદી કૃણાલ ક્રિષ્નાલાલ નામના વેપારીની બહુચર ટ્રેડિંગ નામની દુકાનમાં તેમજ દુકાન ની પાછળ ના તેઓના મકાનમાં ઓચિંતી તપાસ હાથ ધરી દુકાન અને મકાનમાં રાખવામાં આવેલ છુટક કપાસીયા તેલ,ગુલાબ રિફાઈન્ડ માંથી કપાસીયા તેલ,અખરોટ નુ છુટક તેલ,ગુલાબ ગ્રાઉન્ડ અખરોટ નુ તેલ, ફોરચ્યુન સોયાબીન તેલ, ગોકુલ ડબલ ફિલ્ટર કરેલ તેલ,કામદા શુધ્ધ માંથી સોયાબીન તેલના ડબ્બા માંથી જરૂરી સેમ્પલ લઈ ઉપરોક્ત ખાદ્યતેલ કુલ ૧૭૨૪ કિ.ગ્રા.કિ.રૂ.૩,૬૦,૮૨૫ નાં જથ્થા ને સિઝ કરી તેલનાં સેમ્પલ ને તપાસ માટે સરકારી લેબ માં મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી. પાટણ શહેર નાં છીડીયા દરવાજા વિસ્તારમાં આવેલી મોદી કૃણાલ ક્રિષ્નાલાલ ની બહુચર ટ્રેડિંગ નામની દુકાન અને ઘર ઉપર મંગળવારની રાત્રે પાટણ ખોરાક અને ઔષધ નિયમન કચેરી નાં અધિકારી વિપૂલભાઈ ચૌધરી સહિત ની ટીમના એમ એમ પટેલ,એચ બી ગુર્જ્જર અને યુ એચ રાવલ દ્વારા હાથ ધરવામાં આવેલ ઓચિંતી તપાસ ને લઈને વેપારી અને તેનાં પરિવાર સહિત નાં સગા સંબંધીઓમાં સનસનાટી મચી જવા પામી હતી.

અને તપાસને રોકવા અનેક પ્રયુકિત અજમાવી હતી પરંતુ લોકો નાં આરોગ્ય સાથે ચેડા કરનાર આવા તત્વો ને નસિયત કરવા પાટણના ખોરાક અને ઔષધ નિયમન કચેરી નાં અધિકારી સહિત ની ટીમ દ્વારા તટસ્થ રહીને પોતાની ફરજ બજાવી હતી.

શહેરના છિડીયા દરવાજા બહાર આવેલ બહુચર ટ્રેડિંગ નામની દુકાન અને વેપારીનાં મકાનમાં પાટણ ખોરાક અને ઔષધ નિયમન કચેરી નાં અધિકારી સહિત ની ટીમ દ્વારા ખાદ્યતેલમાં ભેળસેળ મામલે ઓચિંતી હાથ ધરવામાં આવેલ કાર્યેવાહી ને લઈને લોકો નાં ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતાં.

મંગળવારની રાત્રે શરૂ થયેલી આ તપાસ કામગીરી બુધવારની વહેલી સવાર સુધી ચાલી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# દાહોદ જિલ્લા ઈન્ચાર્જ સમાજ કલ્યાણ અધિકારી ડી.પી.પટેલ વય નિવૃત થતા વિદાય સમારંભ યોજાયો



દાહોદ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી ડી.પી.પટેલ વય નિવૃત થતા વિદાય સમારંભ યોજાયોભ હતો ડી.પી.પટેલ વય નિવૃત થતા મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી એસ એમ બારીયા ની અધ્યક્ષતા માં યોજાયો હતો જેમાં દાહોદ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘના પ્રમુખ અને બક્ષીપંચ આશ્રમશાળા વડેલા ના આચાર્ય પંકજભાઈ બી પટેલ તથા દાહોદ જિલ્લા બક્ષીપંચ આશ્રમશાળા ના તમામ આચાર્ય તેમજ શૈક્ષણિક બિનશૈક્ષણિક તેમજ સ્ટાફ હાજર રહ્યો હતો વય નિવૃત થતા ડી.પી.પટેલ ને વડેલા આશ્રમના આચાર્ય પંકજભાઈ પટેલ તથા મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી એસ એમ બારીયા એ સાફો કોટી ચાંદીનું ભોરિયું તીરકામઠું ફુલહાર પહેરાવી સાલ ઓઢાડી શ્રીફળ આપી વિદાય આપવામાં આવી હતી તેવી જ રીતે નવા હાજર થનાર સમાજ કલ્યાણ અધિકારી મન્સુરીનું પણ સાપો કોટી ચાંદીનું ભોરિયું તીર કામઠા તેમજ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું આમ આશ્રમ શાળાઓ દ્વારા બંને અધિકારીઓનું ભવ્યાતિભવ્ય સન્માન અને સ્વાગત કરવામાં આવ્યું હતું

તસવીર અભેસિંહ રાવલ દાહોદ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.